# BSJ
## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Deputy Director of Information, Class-1 and Assistant Director of Information (Journalism), Class-2, Information and Broadcasting Department** |
| **Advertisement No.** | **45/2025-26** |
| **Preliminary Test Held On** | **28-03-2026** |
| **Que. No** | **001-200** |
| **Publish Date** | **15-04-2026** |
| **Last Date to Send Suggestion (s)** | **20-04-2026 ( Till 04:00 PM )** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 16-04-2026; 11:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શક્શે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. પ્રેસ કોન્ફરન્સ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

   1. પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવાનો હેતુ એક સાથે અનેક મીડિયા-સંગઠન પત્રકારો સાથે મહત્વપૂર્ણ માહિતીનો પ્રસાર કરવાનો, અથવા કોઈ મહત્વપૂર્ણ મુદ્દાને પ્રકાશિત કરવાનો, અથવા કોઈ નવી પ્રોડક્ટ લોન્ચ કરવાનો છે.
   2. પ્રેસ કોન્ફરન્સ એ એક જીવંત કાર્યક્રમ છે જ્યાં પ્રસ્તુતકર્તા પત્રકારોના ટોળાનો સામનો કરે છે. તે વિષય પર પ્રશ્ન-જવાબ સત્ર સાથે દ્વિ-માર્ગી સંવાદ તરફ દોરી શકે છે.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

   (A) ફક્ત 1

   (B) ફક્ત 2

   (C) 1 અને 2 બંને

   (D) બંનેમાંથી એક પણ નહિ

2. જનસંપર્ક (Public Relations) ના મૂળભૂત ખ્યાલ અને પ્રકૃતિ સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

   1. જનસંપર્ક એ ફક્ત આધુનિક યુગની દેન નથી, પરંતુ સદીઓથી ચાલતી આવતી માનવ વલણોને પોતાની તરફ વાળવાની મનોવૈજ્ઞાનિક પ્રવૃત્તિનું વ્યવસ્થિત શાસ્ત્ર છે.
   2. જિરાલ્ડ બેસ્કીન જનસંપર્કને 'માનવ વલણોનું નિયમન કરતું શાસ્ત્ર' (Science of Attitude Control) તરીકે ઓળખાવે છે.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

   (A) ફક્ત 1

   (B) ફક્ત 2

   (C) 1 અને 2 બંને

   (D) બંનેમાંથી એક પણ નહિ

3. 'પ્રેસ કિટ' એટલે શું?

   (A) પ્રેસમાં તૈયાર કરવામાં આવેલી પત્રકારો વિશેની પુસ્તિકા

   (B) પત્રકારો માટેના સવાલની યાદી

   (C) પત્રકાર પરિષદનાં સ્થળ-સમયની જાણકારી આપતી વિગત

   (D) પત્રકારોને આપવામાં આવતી સામગ્રી

4. પ્રેસ કોન્ફરન્સ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઇલેક્ટ્રોનિક મીડિયાનો વ્યાપ અને પત્રકારોની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પણ એક-એક સાથે સંવાદ કરવાની વૃત્તિ, ખાસ વાર્તાની શોધમાં, પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવું એક જટિલ મુદ્દો બની ગયો છે.

2. પસંદગીના પત્રકારોને આપવામાં આવતા ઇન્ટરવ્યુ પ્રેસ કોન્ફરન્સને બદલે સારું સ્થાન લઇ શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

5. જનસંપર્ક વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. જનસંપર્ક એ સંસ્થા અને લોકો વચ્ચે પરસ્પર સમજણ સ્થાપવાનો 'સભાન', 'આયોજિત' અને 'સતત' પ્રયત્ન છે.

2. જનસંપર્ક એ પ્રત્યાયનનું એવું વિજ્ઞાન છે જે સંબંધોમાંથી તંગદિલી દૂર કરીને 'સંમતિનું નિર્માણ' કરે છે.

3. જનસંપર્કની પ્રક્રિયામાં 'સૌજન્ય' અને 'સામાન્ય વિવેક' ઉપરાંત ટેકનિકલ કૌશલ્યો વધુ અનિવાર્ય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

6. પત્રકાર પરિષદ પૂરી થયા પછી...

(A) પત્રકારોને સંબંધિત સામગ્રી પહોંચાડવી જોઈએ.

(B) પત્રકારોએ પૂછેલા પ્રશ્નોની નોંધ બનાવવી જોઈએ.

(C) પત્રકારોએ પૂછેલા પ્રશ્નોમાં રહેલી ચૂકો વિશે તેમનું ધ્યાન દોરવું જોઈએ.

(D) પત્રકારોને વ્યક્તિગત રીતે પ્રતિભાવ પૂછવો જોઈએ.

7. ચેથમ હાઉસ નિયમ (Chatham House Rule) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચેથમ હાઉસ નિયમ (Chatham House Rule) હેઠળ આયોજિત વાર્તાલાપમાં, સહભાગીઓ વક્તાઓ અથવા અન્ય કોઈપણ સહભાગીની ઓળખ જાહેર કર્યા વિના સહભાગીઓ પ્રાપ્ત માહિતીનો ઉપયોગ કરવા માટે સ્વતંત્ર છે.

2. ચેથમ હાઉસ નિયમ પ્રેસ કોન્ફરન્સનો સારો વિકલ્પ છે, કારણ કે મીટિંગ નિયંત્રિત વાતાવરણમાં યોજી શકાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

8. પ્રત્યાયન (Communication) ની પ્રક્રિયા અને તેનાં વિવિધ પાસાંઓ સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચાર્લ્સ રાઈટ પ્રત્યાયનને એક સામાજિક પ્રક્રિયા ગણાવે છે, જે સામાજિક વ્યવસ્થા ટકાવવા અને સર્વસંમતિ સાધવા માટે અનિવાર્ય છે.

2. માર્શલ મેકલુહાન, વિલ્બર શ્રામ અને શેનન જેવા વિદ્વાનોએ પ્રત્યાયનની પ્રક્રિયાને સમજવા માટે પાયાના મૉડેલો આપ્યાં છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

9. પત્રકાર પરિષદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પત્રકાર પરિષદમાં ફક્ત ઔપચારિક પ્રશ્નો પૂછી શકાય છે

2. પત્રકાર પરિષદમાં સવાલ વ્યક્તિગત હોય તો પણ, તેના જવાબ જાહેર અને સૌ કોઈ માટે હોય છે.

3. પત્રકાર પરિષદમાં જેમને પ્રશ્નો પૂછવાના હોય તેમની સાથે વિશ્વાસ કે ઘરાબો કેળવવા જેટલો સમય હોતો નથી.

4. પત્રકાર પરિષદમાં સાચા જવાબ મળતા નથી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 3 અને 4

(D) ફક્ત 1 અને 4

10. જન સંપર્ક (Public Relation) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કોર્પોરેટના સંદર્ભમાં, જન સંપર્ક એ એક વ્યાપક શબ્દ છે, જે કંપનીના તમામ હિસ્સેદારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમાં પત્રકારો, તેના કર્મચારીઓ, શેરધારકો અને સંબંધિત સરકારી સંસ્થાનોનો સમાવેશ થાય છે.

2. કોર્પોરેટ જન સંપર્કમાં વિદ્યાર્થી સમુદાય, વકીલો અને શિક્ષણવિદો સાથે સીધો વ્યવહાર કરવાનો પણ સમાવેશ થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

11. વૈકલ્પિક પ્રચાર માધ્યમ (Media) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પોડકાસ્ટ અને સ્વતંત્ર બ્લોગ્સ, મોબાઇલ એપ્લિકેશન્સ, કોમ્યુનિટી રેડિયો સ્ટેશન અને સ્ટ્રીટ આર્ટ એ પ્રચાર માધ્યમના વૈકલ્પિક સ્વરૂપોમાંના એક છે.
2. વૈકલ્પિક પ્રચાર માધ્યમ સંસ્કૃતિની પ્રબળ માન્યતાઓ અને મૂલ્યોને પડકારે છે અને મુખ્ય પ્રવાહના પ્રચાર માધ્યમ થી અલગ દૃષ્ટિકોણ પ્રદાન કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

12. ભારતમાં ટીવીના રંગીન પ્રસારણની શરૂઆત રમતગમતની કઈ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાથી થઈ?

(A) ઓલિમ્પિક્સ

(B) ક્રિકેટ વર્લ્ડ કપ

(C) હોકી વર્લ્ડ કપ

(D) એશિયન ગેમ્સ

13. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જન સંચાર (Public Communication) સરકારી નીતિ અમલીકરણની સફળતા પર સીધી અસર કરે છે. તે સરકારના નીતિગત ઉદ્દેશોને પ્રદર્શિત કરવા માટે એક અસરકારક સાધન બની શકે છે.
2. કોઈપણ સરકારી નીતિના અમલીકરણ માટે માહિતી પર વધુ પડતો ભાર પ્રતિકૂળ સાબિત થઈ શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

14. કટલીપ અને સેન્ટર દ્વારા આપવામાં આવેલા અસરકારક પ્રત્યાયનના 'સાત-સી' (7-Cs) ના સિદ્ધાંતો સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'Credibility' (વિશ્વસનીયતા) સૂચવે છે કે સંદેશાની સ્વીકાર્યતાનો આધાર સંસ્થાની પોતાની વિશ્વસનીયતા પર રહેલો છે.

2. 'Context' (સંદર્ભ) મુજબ જનસંપર્કનો કાર્યક્રમ વાસ્તવિક હોવો જોઈએ અને તે સંદેશાને અનુકૂળ હોવો જોઈએ.

3. 'Capability' (ક્ષમતા) ના સિદ્ધાંત મુજબ સંદેશાની સામગ્રી તૈયાર કરતી વખતે સંદેશો ઝીલનાર વ્યક્તિનું જ્ઞાન, કેળવણી અને તેની ગ્રહણશક્તિને ધ્યાનમાં રાખવી અનિવાર્ય છે.

4. 'Continuity' (સાતત્ય) નો અર્થ એ છે કે પ્રત્યાયન એ એક સામયિક પ્રક્રિયા છે અને તે જરૂરિયાત મુજબ અટકાવી શકાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 4

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3

(D) 1, 2, 3 અને 4

15. ભારતમાં હજુ પણ પ્રકાશિત થતું હોય એવું સૌથી જૂનું અખબાર કઈ ભાષાનું છે?

(A) બંગાળી

(B) મરાઠી

(C) ગુજરાતી

(D) હિંદી

16. સ્ક્રિપ્ટ (Script) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જાહેરાતની સ્ક્રિપ્ટનું એક મુખ્ય તત્વ આકર્ષક 'કોલ-ટુ-એક્શન' (Call-To-Action) છે, જેમાં થોડીક સેકન્ડમાં સમસ્યા રજૂ કરી તેના ઉકેલ તરીકે વસ્તુ (Product)રજૂ કરવામાં આવે છે.
2. ફિલ્મની સ્ક્રિપ્ટનું મુખ્ય લક્ષ્ય સમજાવટ છે જ્યારે જાહેરાતનું ધ્યાન મનોરંજન અને કલાત્મક અભિવ્યક્તિ પર હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

17. પ્રત્યાયન (Communication) ની પ્રક્રિયા અને તેના મૂળભૂત તત્વોના સંદર્ભમાં નીચેનાં વિધાનો તપાસો:

1. પ્રત્યાયન એ લેટિન શબ્દ 'Communis' પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ વિચારોમાં 'સમાનતા' (Commonness) સ્થાપિત કરવાનો છે.
2. પ્રત્યાયનની પ્રક્રિયા પૂર્ણ થવા માટે મુખ્ય ત્રણ બાબતો હોવી જરૂરી છે: સંદેશો આપનાર (Source), સંદેશો (Message) અને સંદેશો ઝીલનાર (Receiver).
3. પ્રત્યાયન ફક્ત લેખિત કે મૌખિક શબ્દો દ્વારા જ થાય છે તેવું નથી, ઈશારા કે શારીરિક હાવભાવને પણ પ્રત્યાયન ગણી શકાય.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3



[Contd.

18. ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા 'મહારાજ લાઇબલ કેસ'માં, નીચે આપેલાં નામોમાંથી કયાં નામ સંકળાયેલાં હતાં?

1. દલપતરામ

2. નર્મદ

3. રમણભાઈ નીલકંઠ

4. કરસનદાસ મૂળજી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 4

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) ફક્ત 2 અને 4

19. રેડિયો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કેટલાક ગ્રામીણ સંદર્ભોમાં રેડિયોની પહોંચ 96.7% છે અને તે આપત્તિ દરમિયાન માહિતીનો પ્રાથમિક સ્રોત રહે છે, જેમાં અશિક્ષિત વસ્તીમાં તેનો પ્રવેશ વધુ હોય છે.

2. પ્રાદેશિક રેડિયો જાહેરાત બજારોમાં તમિલનાડુ અને મહારાષ્ટ્ર ટોચ પર છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

20. પ્રત્યાયનમાં આવતા અવરોધો (Barriers to Communication) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જ્યારે સંદેશો આપનાર 'એનકોડ' (Encode) કરે અને સંદેશો ઝીલનાર તેને યોગ્ય રીતે 'ડીકોડ' (Decode) કરી શકે ત્યારે જ પ્રત્યાયન સફળ ગણાય છે.
2. જો બોલનાર અને સાંભળનારની ભાષા કે જ્ઞાનની કક્ષામાં મોટો તફાવત હોય તો પ્રત્યાયન નિષ્ફળ નીવડે છે.
3. માનસિક વલણો પ્રત્યાયન પર કોઈ અસર કરતાં નથી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

21. ગુજરાતી ભાષાનું સૌથી જૂનું અને હજુ પણ પ્રકાશિત થતું હોય એવું સામયિક કયું છે?

(A) કુમાર

(B) બુદ્ધિપ્રકાશ

(C) શબ્દસૃષ્ટિ

(D) ગુજરાત

22. એસોસિએશન ઓફ રેડિયો ઓપરેટર્સ ફોર ઈન્ડિયા (AROI) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. એસોસિએશન ઓફ રેડિયો ઓપરેટર્સ ફોર ઈન્ડિયા (AROI) એ ખાનગી રેડિયો બ્રોડકાસ્ટર્સનું પ્રતિનિધિત્વ કરતી સત્તાવાર ટોચની સંસ્થા છે. તે તેમના હિતોનું રક્ષણ કરે છે અને નીતિગત મુદ્દાઓ પર સરકાર સાથે પરામર્શ કરે છે.
2. એસોસિએશન ઓફ રેડિયો ઓપરેટર્સ ફોર ઈન્ડિયાનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રસારણ સંબંધિત મુદ્દાઓ પર તમામ રેડિયો બ્રોડકાસ્ટર્સ અને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) વચ્ચે સેતુ બનાવવાનો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

23. લેસવેલ (Lasswell) દ્વારા પ્રસ્તુત પ્રત્યાયનના મૉડેલ સંદર્ભે નીચેનાં વિધાનો વિચારો:

1. લેસવેલનું પ્રાથમિક મૉડેલ "કોણ, શું કહે છે, કોને કહે છે" (Who - says what - To whom) ના ત્રણ પ્રશ્નો પર આધારિત હતું.
2. પાછળથી આ મૉડેલમાં "કયા માધ્યમ દ્વારા" (Through what channel) અને "કેટલી અસર થઈ" (With what effect) એવા બે નવા તત્વો ઉમેરવામાં આવ્યાં.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

24. ગુજરાતી દૂરદર્શનનું પહેલું કેન્દ્ર કયું હતું?

(A) વસો

(B) પીજ

(C) ધર્મજ

(D) બોરસદ

25. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. TRAI સામગ્રીનું સીધું નિયમન કરે છે અને સેવા પ્રદાતાઓ વચ્ચે વિવાદ નિવારણનું પણ કાર્ય કરે છે.
2. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ને TRAI એક્ટ, 1997 દ્વારા ટેરિફ નક્કી કરવા, ઇન્ટરકનેક્શન સુનિશ્ચિત કરવા અને પ્રસારણ અને કેબલ સેવાઓ ક્ષેત્રનું નિયમન કરવા માટે સત્તા આપવામાં આવી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

26. જાહેરાત નિર્માણની પ્રક્રિયામાં 'વિઝ્યુલાઈઝેશન' (તાદૃશ્યીકરણ) અને 'લે-આઉટ' વચ્ચેના સંબંધ સંદર્ભે નીચેનાં વિધાનો તપાસો:

1. જાહેરાતની પ્રક્રિયામાં પ્રથમ લે-આઉટ તૈયાર કરવામાં આવે છે અને ત્યારબાદ તેના આધારે વિઝ્યુલાઈઝેશન (કલ્પનાચિત્ર) તૈયાર થાય છે.
2. લે-આઉટ એ જાહેરાતની એવી સમગ્ર આકૃતિ છે જે નક્કી કરે છે કે કઈ જગ્યાએ, કેટલા કદની આકૃતિ અને કોપી (લખાણ) મૂકવા.
3. જો જાહેરાતમાં આકૃતિને પ્રાધાન્ય આપવાનું હોય, તો સંતુલન જાળવવા માટે આકૃતિને સૌથી ઉપર મોટા કદમાં મૂકવામાં આવે છે.
4. લે-આઉટ વિભાગનું મુખ્ય કાર્ય કોપીરાઈટર અને વિઝ્યુલાઈઝર દ્વારા તૈયાર કરાયેલી સામગ્રીની યોગ્ય અને ઉઠાવદાર ગોઠવણી કરવાનું છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

27. સમાચાર માધ્યમો (ન્યૂઝ મીડિયા)માં 'ઓપ-એડ' પાનું એટલે?

(A) તંત્રીલેખનું પાનું

(B) બે પહેલાં પાનાં આવે ત્યારે તેમાંનું બીજું પાનું

(C) આંતરરાષ્ટ્રીય સમાચારોને લગતું પાનું

(D) તંત્રીપાનાની સામે આવતું અભિપ્રાયો અને ફીચર લેખોનું પાનું

28. કોમ્યુનિટી રેડિયો (Community Radio) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સેન્ટ્રલ સેક્ટર સ્કીમ (CSS), "ભારતમાં કોમ્યુનિટી રેડિયો ચળવળને ટેકો આપવો", તે યોજનાનો હેતુ નવા કોમ્યુનિટી રેડિયો સ્ટેશનો સ્થાપવાને પ્રોત્સાહન આપવાનો છે.
2. કોમ્યુનિટી રેડિયો સ્ટેશનો 'અવાજવિહોણાઓનો અવાજ' તરીકે કામ કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

29. લે-આઉટમાં 'સંતુલન' (Balancing) અને તેના વિવિધ પ્રકારોના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જો ઓપ્ટીકલ સેન્ટરની ઉપર મથાળું, નીચે આકૃતિ અને ત્યારબાદ કોપીની વિગતો ક્રમબદ્ધ હોય, તો તેને 'સામાન્ય સંતુલન' કહેવામાં આવે છે.
2. 'અસામાન્ય સંતુલન'માં કોપી અને આકૃતિની ગોઠવણી એકબીજાની સામે ઉપર-નીચે કરવાને બદલે ત્રાંસી (Diagonal) રીતે કરવામાં આવે છે.
3. 'સ્પેસ લે-આઉટ'માં જાહેરાતમાં વધુ પડતી કોરી જગ્યા છોડીને અને અત્યંત અલ્પ લખાણ મૂકીને વાચકનું ધ્યાન આકર્ષિત કરવામાં આવે છે.
4. 'ભૌમિતિક કેન્દ્ર' (Geometric Center) અને 'ઓપ્ટીકલ સેન્ટર' (Optical Center) એક જ બિંદુએ હોય છે જ્યાં વાચકની દ્રષ્ટિ સૌપ્રથમ સ્થિર થાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 4

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3

(D) 1, 2, 3 અને 4

30. નીચે આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પો અમૌખિક સંપર્ક (નોન-વર્બલ કમ્યુનિકેશન)નો ભાગ ગણાય?

1. લહેકો
2. બોડી-લેંગ્વેજ
3. રણકો
4. હાથનું હલનચલન

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 4

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 2 અને 3

(D) ફક્ત 1 અને 3

31. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જોન બી થોમ્પસનના પુસ્તક 'મીડિયા એન્ડ મોર્ડનિટી'નો મુખ્ય વિષય એ છે કે મીડિયા ફક્ત માહિતી પ્રસારિત કરવા માટેના સાધનો નથી, પરંતુ સમાજના માળખાકીય પુનર્ગઠન, સ્વ- નિર્માણ, શક્તિ ગતિશીલતા અને જાહેર ક્ષેત્રને ફરીથી આકાર આપવા માટે છે.
2. સંગ્રહાલયો તેમના સંસ્થાકીય સંવાદ દ્વારા, મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે પરંતુ સામાજિક પ્રથાઓ અને સામાજિક ઓળખ બનાવવાને અવગણે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

32. જાહેરખબર કોપી (Ad Copy) ના માળખા અને તેના વિવિધ અંગોના સંદર્ભમાં નીચેનાં વિધાનો તપાસો:

1. જાહેરાતની સફળતાનો મુખ્ય આધાર તેની આકૃતિ પર હોય છે, જ્યારે કોપી ફક્ત પૂરક માહિતી પૂરી પાડવાનું કાર્ય કરે છે.
2. કોપીના મુખ્ય ચાર ભાગોમાં શીર્ષક, શીર્ષકની સમજણ/વિગતો, ઉત્પાદન અંગેની ખાતરી અને ઉપસંહારનો સમાવેશ થાય છે.
3. કોપીરાઈટિંગમાં 'ગ્રાહકનો રસ' મુશ્કેલીના નિવારણમાં હોય છે, જ્યારે 'ઉત્પાદકનો રસ' તે મુશ્કેલી દૂર કરવા માટે પોતાનું ઉત્પાદન વેચવામાં હોય છે.
4. "જાહેરાત એ ફક્ત એક વચન છે", જે ઉત્પાદક દ્વારા ગ્રાહકને આપવામાં આવતી એક પ્રકારની ખાતરી છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

33. અહીં આપેલી લાક્ષણિકતાઓમાંથી કઈ લાક્ષણિકતા સ્મોલ ગ્રુપ કમ્યુનિકેશન (નાના જૂથમાં સંપર્ક- સંવાદ) ની નથી?

(A) સહિયારું ધ્યેય

(B) એક જ જૂથના લોકો

(C) પોતપોતાની ભૂમિકા નક્કી કરીને તે પ્રમાણેનું વર્તન

(D) મર્યાદિત સમયગાળો

34. ડિજિટલ અથવા ઈ-પુસ્તક વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ડિજિટલ અથવા ઈ-પુસ્તક પ્રકાશને સ્વ-પ્રકાશન પ્લેટફોર્મ દ્વારા લેખકોને ઉત્તમ ઍક્સેસની જોગવાઈ સાથે પુસ્તક પ્રકાશનની પ્રક્રિયાને સુલભ બનાવી છે.
2. ઈ-બુક્સ, મુદ્રિત પુસ્તકોને ખતમ કરી નાખશે તેવી ભીતિ સાચી પડી રહી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

35. જાહેરાતના 'શીર્ષક' (Headlines) ના પ્રકારો અને તેની લાક્ષણિકતાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'સમાચારાત્મક શીર્ષક' નો ઉપયોગ મુખ્યત્વે ત્યારે થાય છે જ્યારે કોઈ નવું ઉત્પાદન બજારમાં મૂકવાનું હોય અથવા બંધ થયેલું ઉત્પાદન ફરી શરૂ કરવાનું હોય.
2. 'કુતૂહલપ્રેરક શીર્ષક' માં સીધું વચન આપવાને બદલે પ્રશ્નો પૂછીને ગ્રાહકની જિજ્ઞાસા જગાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
3. 'આદેશાત્મક શીર્ષક' ગ્રાહકને ઉત્પાદન ખરીદવા માટે સીધી વિનંતી કરવાને બદલે એક પ્રકારનો હુકમ કે આદેશ આપતા હોય તેવો ભાસ કરાવે છે.
4. જ્યારે ઉત્પાદન કોઈ ચોક્કસ વર્ગ માટે હોય, ત્યારે શીર્ષકમાં જ તે વર્ગને સીધી અપીલ કરવામાં આવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 4
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

36. ગ્રામીણ પત્રકારત્વ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગામડાંનાં લોકશાહી માળખાં વિશે નાગરિકોમાં સભાનતા લાવી શકાય છે.

2. ગામડાંમાં પર્યાવરણના વિવિધ મુદ્દે લોકોને કેળવી શકાય છે.

3. લોકોની આર્થિક સ્થિતિ સુધારી શકાય છે.

4. કાયદો-વ્યવસ્થાની સ્થિતિની જાણકારી મેળવી શકાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 3 અને 4

(D) ફક્ત 1 અને 2

37. નેશનલ સેમ્પલ સર્વે (NSS) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નેશનલ સેમ્પલ સર્વે (NSS) સમગ્ર ભારતમાં સામાજિક-આર્થિક વિષયોની વિશાળ શ્રેણી પર મોટા પાયે નમૂના સર્વેક્ષણો હાથ ધરે છે. તે પુરાવા-આધારિત નીતિનિર્માણ અને સંશોધનને ટેકો આપવા માટે વિશ્વસનીય આંકડાકીય માહિતી પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે

2. નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન (NSSO) ની સ્થાપના 1935 માં નેશનલ સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યુટ દ્વારા કરવામાં આવી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

38. ગ્રાહકોમાં 'વિશ્વાસ અને ખાતરી' (Confidence and Assurance) ઊભી કરવાની પદ્ધતિઓ સંદર્ભે નીચેનાં વિધાનો વિચારો:

1. મોંઘી અને લાંબાગાળાની વસ્તુઓની જાહેરાતમાં ટૂંકી કોપી કરતાં વધુ વિગતવાર કોપી અને ખાતરીઓ આપવી વધુ હિતાવહ છે.
2. ફિલ્મી સિતારાઓ કે પ્રખ્યાત રમતવીરો દ્વારા અપાતા પ્રમાણપત્રોની અસર સમાજના બુદ્ધિજીવી અને ખૂબ શિક્ષિત વર્ગ પર હંમેશા સીધી અને સચોટ થાય છે.
3. ગ્રાહકોને વિશ્વાસમાં લેવા માટે ક્યારેક 'પૈસા પાછા આપવાની ઓફર' (Money-back guarantee) અથવા અન્ય ગ્રાહકોના અનુભવો (Testimonials) નો સહારો લેવાય છે.
4. જો કોઈ વસ્તુની કિંમત બજારની અન્ય વસ્તુઓ કરતા વધુ હોય, તો કોપીમાં તેની ગુણવત્તા અને તેનાથી થતા લાંબાગાળાના ફાયદા પર વધુ ભાર મૂકવો જોઈએ.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

39. અહીં આપેલાં પુસ્તકોમાંથી કયું પુસ્તક ગ્રામીણ પત્રકારત્વનું ઉત્તમ ઉદાહરણ ગણાય છે?

(A) ઇન્ડિયા આફ્ટર ગાંધી (India After Gandhi)

(B) એવરીબડી લવ્સ એ ગુડ ડ્રાઉટ (Everybody Loves A Good Drought)

(C) ધ આર્ગ્યુમેન્ટેટિવ ઇન્ડિયન (The Argumentative Indian)

(D) એન આઉટલૂક ઓફ ઇન્ડિયન સોસાયટી (An Outlook of Indian Society)

40. આવક સર્વેક્ષણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અર્થશાસ્ત્રી ડૉ. મોન્ટેક સિંઘ આહલુવાલિયા ના અધ્યક્ષપદ હેઠળનું એક ટેકનિકલ એક્સપર્ટ ગ્રુપ (TEG) દેશના સૌપ્રથમ રાષ્ટ્રીય કૌટુંબિક આવક સર્વેક્ષણ(NHIS)નું માર્ગદર્શન કરશે, જેની શરૂઆત 2026માં થશે.
2. પાયલોટ પ્રોજેક્ટના પરિણામો દર્શાવે છે કે 95% ઉત્તરદાતાઓ આવક સંબંધિત પ્રશ્નોને સંવેદનશીલ માને છે. તેઓ ખાસ કરીને ટેક્સની વિગતો અથવા રોકાણ જેવા વિવિધ સ્રોતોમાંથી થતી ચોક્કસ કમાણી જાહેર કરવામાં અનિચ્છા અનુભવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

41. જાહેરખબર ફિલ્મોના ઉદ્‌ભવ, પ્રકૃતિ અને સામાજિક-આર્થિક પ્રભાવના સંદર્ભમાં નીચેના વિધાનો તપાસો:

1. ભારતીય જાહેરખબર ફિલ્મો મોટાભાગે વાસ્તવિકતાની નજીક હોય છે, જેથી મધ્યમ વર્ગના વ્યક્તિઓ પોતાના રોજિંદા જીવન સાથે તેને સરળતાથી સાંકળી શકે.
2. જાહેરખબર ફિલ્મોનું નિર્માણ મૂળભૂત રીતે આર્થિક અને ઔદ્યોગિક વિકાસની જરૂરિયાતો તથા ગ્રાહકવાદ (Consumerism) ના પરિણામ સ્વરૂપે થયું છે.
3. આધુનિક જાહેરખબર વ્યવસાયમાં ડિજિટલ દ્રશ્ય-શ્રાવ્ય અસરો, ગ્રાફિક્સ અને કોમ્પ્યુટર એપ્લિકેશન્સે બજારને એક નવીન દ્રષ્ટિ અને પરિમાણ આપ્યું છે.
4. જાહેરખબર ફિલ્મોનું પ્રાથમિક અને સૌથી મહત્વનું કાર્ય ઉત્પાદકના વેચાણમાં વૃદ્ધિ કરવાનું છે, જોકે તેમાં સામાજિક મુદ્દાઓની પ્રસ્તુતિ જેવા હકારાત્મક પાસાઓ પણ જોવા મળે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

42. કયા જાણીતા ગુજરાતી સાહિત્યકારે ગ્રામીણ પત્રકારત્વના ક્ષેત્રે પણ ઉત્તમ કામ કર્યું?

(A) ઝવેરચંદ મેઘાણી

(B) ગુણવંતરાય આચાર્ય

(C) ર.વ. દેસાઈ

(D) જોસેફ મેકવાન

43. સામયિક (magazine) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સામયિક(magazine) એ વ્યાવસાયિક રીતે છાપવામાં આવતી એક પ્રકારની પુસ્તિકા (booklet) છે, જે સામાન્ય રીતે ઉચ્ચ ગુણવત્તાવાળા કાગળ પર છાપવામાં આવે છે. જોકે પુસ્તિકા (booklet) એ કોઈપણ નાની અને પાતળી પુસ્તિકા માટે વપરાતો વ્યાપક શબ્દ છે, પરંતુ સામયિકો એ પુસ્તિકાનું એક ચોક્કસ સ્વરૂપ છે.

2. 'મેગેઝિન' (Magazine) શબ્દની ઉત્પત્તિ સ્પેનિશ શબ્દ 'magazzato' માંથી થઈ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

44. ડૉક્યુમેન્ટરીની સંકલ્પના અને તેના મૂળભૂત તત્વોના સંદર્ભમાં નીચેનાં વિધાનો તપાસો:

1. ડૉક્યુમેન્ટરી શબ્દનો સીધો સંબંધ 'ડૉક્યુમેન્ટ' (દસ્તાવેજ) સાથે છે, જેનો મૂળભૂત અર્થ પ્રમાણભૂતતા અને સત્યતા (Truthfulness) પર આધારિત છે.

2. ડૉક્યુમેન્ટરી હંમેશા સંવાદાત્મક અથવા કોમેન્ટ્રી (ભાષ્ય) સાથે જ હોવી જોઈએ; મૂક (Silent) સ્વરૂપમાં તેને પ્રસ્તુત કરી શકાતી નથી.

3. શિલાલેખો અને ન્યૂઝરીલ (Newsreel) એ ડૉક્યુમેન્ટરીના પ્રારંભિક અને પ્રામાણિક ઐતિહાસિક ઉદાહરણો તરીકે ગણી શકાય.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

45. નીચે આપેલા વિષયોમાંથી કયા વિષય પરના અહેવાલ વિકાસલક્ષી પત્રકારત્વ ન ગણાય?

1. આરોગ્યકેન્દ્રમાં ડોક્ટરનો અભાવ

2. બોર્ડની પરીક્ષાનું પરિણામ

3. નવી સુપરફાસ્ટ ટ્રેનનો આરંભ

4. બહેનોના જૂથે આરંભેલી રોજગાર-પ્રવૃત્તિ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 4

(C) ફક્ત 2 અને 3

(D) ફક્ત 2 અને 4

46. ફ્લાયર્સ (Flyers), પત્રિકા (Leaflets) અને હેન્ડ બિલ્સ (Handbills) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ફ્લાયર્સ (Flyers), પત્રિકા (Leaflets) અને હેન્ડ બિલ્સ (Handbills) સમાન છે. તેનો ઉપયોગ કાર્યક્રમોની જાહેરાત કરવા, નવી સંસ્થાઓના ઉદ્‌ઘાટનની જાણ કરવા અને અન્ય સ્થાનિક જાહેરાતો માટે કરવામાં આવે છે.

2. પરંપરાગત રીતે પેમ્ફ્લેટસ્ (Pamphlets) નો ઉપયોગ બિન-વ્યાપારી હેતુઓ માટે કરવામાં આવતો હતો. હવે તે મુદ્રિત અને ડિજિટલ બંને સ્વરૂપોમાં ઉપલબ્ધ અસરકારક માર્કેટિંગ સાધનો બની ગયા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

47. ડૉક્યુમેન્ટરી લેખનની પદ્ધતિ અને તેની 'ટ્રીટમેન્ટ' (Treatment) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ડૉક્યુડ્રામા (Docudrama) શૈલીમાં પાત્રો પોતે જ વાર્તા કહે છે, જ્યારે અન્ય વિધાઓમાં ઉદ્ઘોષક કે કોમેન્ટેટરની સહાય લેવામાં આવે છે.

2. ટેલિવિઝન ડૉક્યુમેન્ટરી લખતી વખતે વિષયની પસંદગી બાદ લેખકે તેની અવધિ (Duration) નક્કી કરવા માટે સંપૂર્ણ સ્વતંત્ર નિર્ણય લેવાનો હોય છે.

3. ડૉક્યુમેન્ટરીમાં તથ્યોનું સંકલન અને તારતમ્યતા (Cohesion) અત્યંત જરૂરી છે, કારણ કે તેમાં શૉટ, સીન અને સિક્વન્સનું વિશેષ મહત્વ છે.

4. જો દ્રશ્યો શૂટ થઈને સ્ટુડિયોમાં આવી ગયા હોય, તો લેખકે તે દૃશ્યોને જોઈને તેની ક્રમબદ્ધતા અને આલેખ તૈયાર કરવો પડે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

48. નીચે આપેલા હેતુઓમાંથી વિકાસલક્ષી પત્રકારત્વના મુખ્ય હેતુ કયા છે?

1. સમાજને આર્થિક રીતે પગભર કરવો

2. લોકોના જીવનમાં બનતી આશ્ચર્યજનક હકીકતોને રજૂ કરવી

3. વહીવટી તંત્રની મર્યાદાઓ પ્રત્યે ધ્યાન દોરીને તેનો નીવેડો આણવા દબાણ ઊભું કરવું

4. મુખ્ય ધારામાં ભાગ્યે જ સ્થાન પામતી જમીની હકીકતોને ઉજાગર કરવી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3

(B) ફક્ત 3 અને 4

(C) ફક્ત 1 અને 2

(D) ફક્ત 2 અને 4

49. બ્રોશર (Brochure) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બ્રોશર (Brochure) એ એક પ્રકાશન અથવા ડિજિટલ ફાઇલ છે, જેનો ઉપયોગ કંપની અથવા વ્યક્તિ વિશેની માહિતી રજૂ કરવા માટે થઈ શકે છે.
2. બ્રોશર તમારી પાસે શું છે તેની જાગૃતિ માટે છે, જ્યારે કેટલોગ (Catalogue) અથવા ઓનલાઈન પબ્લિક એક્સેસ કેટલોગ (OPAC), તમે શું ઓફર કરો છો અથવા વેચો છો તે વિગતવાર દર્શાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

50. ડૉક્યુમેન્ટરી માટે પટકથા લેખન (Script Writing) ની જવાબદારીઓ અને ભાષાના સંદર્ભમાં નીચેનાં વિધાનો વિચારો:

1. પટકથા લેખકે ફક્ત સંવાદો જ લખવાના હોય છે; કેમેરા શૉટ્સ (દા.ત. ક્લોઝઅપ, મિડ શૉટ) કે પ્રકાશ વ્યવસ્થા અંગે સૂચન કરવાની જવાબદારી તેની હોતી નથી.
2. ટેલિવિઝન એ દ્રશ્ય માધ્યમ હોવાથી ડૉક્યુમેન્ટરી લેખકે શબ્દોનો ઉપયોગ મર્યાદિત કરવો જોઈએ જેથી દૃશ્યો વધુ પ્રભાવશાળી બને.
3. જો બોલાયેલા શબ્દો અને દેખાતા દ્રશ્યો વચ્ચે અસમાનતા હોય, તો ડૉક્યુમેન્ટરીની પ્રત્યાયન ક્ષમતા (Communicability) નબળી પડે છે.
4. પટકથા લેખકે લોકેશન પર સૂર્યોદય, સૂર્યાસ્ત અને હવામાન જેવી ભૌગોલિક અને તકનીકી વિગતોની પણ કલ્પના અને તૈયારી રાખવી પડે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

51. નીચે આપેલાં પરિબળોમાંથી કયાં પરિબળ વિકાસલક્ષી પત્રકારત્વ ખેડવા માટે અત્યંત જરૂરી છે?

1. મોટી સંસ્થાનો સાથ

2. સ્થાનિક વહીવટી તંત્રનો સહકાર

3. અભ્યાસવૃત્તિ

4. સ્થાનિક ભાષાની જાણકારી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 3 અને 4

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) ફક્ત 2 અને 4

52. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સૂચિકરણ (Cataloguing) એ એક એવી પ્રક્રિયા છે જે વપરાશકર્તાઓને પુસ્તકાલયમાં પુસ્તકો સરળતાથી શોધવામાં અને ઓળખવામાં મદદ કરે છે. તેનો મુખ્ય હેતુ પુસ્તકોના સંગ્રહને વ્યવસ્થિત રીતે ગોઠવવાનો છે જેથી તેને સરળતાથી મેળવી શકાય.

2. ભારતમાં સૌપ્રથમ પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના 1556માં મુંબઈમાં જેસ્યુટ સેન્ટ પોલ કોલેજમાં કરવામાં આવી હતી. ત્યાં છપાનારા પ્રથમ પુસ્તકોમાંનું એક 'કેટેસિઝ્મો દા ડોટ્રિના ક્રિસ્ટા' (Catecismo da Doutrina Cristã) હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

53. ફીચર ફિલ્મ લેખનના પ્રારંભિક તબક્કાઓ અને 'કથા-વિચાર' (Story Idea) ના સંદર્ભમાં નીચેનાં વિધાનો તપાસો.

1. 'કથા-વિચાર' (Theme/Idea) એ ફિલ્મનું બીજ છે, જે સામાન્ય રીતે પાંચ-દસ પેજનું વિસ્તૃત લખાણ હોય છે અને તેમાં ટેકનિકલ પાસાઓની ઊંડી ચર્ચા હોય છે.

2. ફિલ્મ લેખન એ એક સર્જન પ્રક્રિયા છે, જેમાં સૈદ્ધાંતિક જ્ઞાન કરતા વ્યવહારિક દક્ષતા અને માધ્યમના તત્વોની સમજ વધુ અનિવાર્ય છે.

3. હિન્દી સિનેમામાં 'કિસ્મત', 'શોલે' અને 'મધર ઇન્ડિયા' જેવી ફિલ્મોએ થીમ અને કન્ટેન્ટના સંદર્ભમાં ઐતિહાસિક 'ટ્રેન્ડ સેટર' તરીકેની ભૂમિકા ભજવી છે.

4. ફિલ્મ ક્ષેત્રે 'ફ્રેશ આઈડિયા' (નવા વિચારો) ની સતત જરૂરિયાત હોવાથી લેખક પાસે વિવિધ ભાષાઓના પુસ્તકો અને ફિલ્મોના અધ્યયનનો વ્યાપક અનુભવ હોવો જરૂરી છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

54. સ્ટોરી બોર્ડ બનાવવાની કામગીરી નિર્માણના કયા તબક્કે આવે છે?

(A) પ્રોડક્શન

(B) પોસ્ટ-પ્રોડક્શન

(C) એડિટિંગ

(D) પ્રી-પ્રોડક્શન

55. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતના પ્રથમ સમાચારપત્ર 'બંગાલ ગેઝેટ' (Bengal Gazette)ના પ્રકાશક જેમ્સ ઓગસ્ટસ હિક્કીએ 1777માં મુંબઈમાં પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના કરી હતી.
2. પુસ્તકના કોપીરાઈટ પેજ પર અંકો દ્વારા દર્શાવવામાં આવેલી "પ્રિન્ટર્સ કી" (Printer's Key) જણાવે છે કે આ પુસ્તકનું કેટલામું મુદ્રણ છે. જો અંકો 1, 2, 3, 4, 5, 6, 7, 8, 9, 10 તરીકે લખેલા હોય, તો આ શ્રેણીનો પ્રથમ અંક '1' દર્શાવે છે કે આ પ્રથમ મુદ્રણ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

56. 'વિકસિત કથા' (Developed Story) અને 'પટકથા' (Screenplay) લેખનના તબક્કાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વિકસિત કથાના તબક્કે જ લેખક ફિલ્મમાં ગીત, નૃત્ય, એક્શન અને ઉપકથાઓ (Sub- plots) ના સ્થાન અને પ્રમાણને સુનિશ્ચિત કરે છે.
2. એક આદર્શ અને પ્રભાવશાળી પટકથા સામાન્ય રીતે ૬૦ થી ૮૦ દ્રશ્યો (Scenes) ની વચ્ચે લખાય છે, જે અઢી કલાકની ફિલ્મની લંબાઈ માટે યોગ્ય ગણાય છે.
3. પટકથા લેખનનો મુખ્ય અર્થ 'દૃશ્યોનો ક્રમ નિર્ધારિત કરવો' (Sequence of scenes) એવો થાય છે, જે વિકસિત કથા માટે સંદર્ભ ગ્રંથ તરીકે કાર્ય કરે છે.
4. 'વિકસિત કથા' એ પટકથાનું એવું સ્વરૂપ છે જેમાં દૃશ્યોનું વિભાજન, તકનીકી નિર્દેશો અને સંવાદોનો વિગતવાર સમાવેશ કરવામાં આવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

57. મિડીયમ શોટ લેવાનો હેતુ શો હોય છે?

(A) પાત્રના ચહેરાના હાવભાવ બતાવવા માટે

(B) પાત્રની સાથે સ્થળ (લોકેશન)નો પરિચય આપવા માટે

(C) એકવિધતા તોડવા માટે

(D) પાત્રની ક્રિયાઓ અને સંવાદ બતાવવા માટે

58. પુસ્તકો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બુક નંબર (ISBN) એ આઠ અથવા તેર અંકોનો મશીન દ્વારા વાંચી શકાય તેવો ઓળખકર્તા (identifier) છે, જેનો ઉપયોગ પુસ્તક ઉદ્યોગના વિવિધ હિસ્સેદારો દ્વારા કરવામાં આવે છે.

2. વિશેષ આવૃત્તિ પુસ્તકો એટલે હસ્તાક્ષર કરેલી નકલો, મર્યાદિત સંખ્યામાં છાપવામાં આવેલી નકલો, સચિત્ર અથવા સ્મૃતિરૂપે બહાર પાડવામાં આવેલી આવૃત્તિઓ.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

59. ટેલિવિઝન સમાચારના સંદર્ભમાં 'પેકેજિંગ' (Packaging) ની વિભાવના અને તેના ઘટકો વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. પેકેજિંગ એ સમાચાર પ્રસારણનો એવો અંતિમ તબક્કો છે જે દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિને યુક્તિપૂર્ણ અને આકર્ષક સ્વરૂપ આપીને પ્રેક્ષકો પર અપેક્ષિત પ્રભાવ પાડે છે.

2. આધુનિક પેકેજિંગમાં ફક્ત સમાચાર વાંચવા પર ભાર મૂકવામાં આવે છે, જ્યારે સેટ ડિઝાઇન, રંગ સંયોજન અને પ્રકાશ વ્યવસ્થા જેવા તત્વોને ગૌણ રાખવામાં આવે છે.

3. સિગ્નેચર ટ્યૂન (Signature Tune), ચેનલ લોગો, સેન્સેક્સ અને હવામાનની ગતિમાન પટ્ટી (Ticker) નો સતત પ્રવાહ એ પેકેજિંગના અનિવાર્ય હિસ્સા છે.

4. ગ્રાફિક્સ, લાઈવ ડિસ્પ્લે, કોમ્પ્યુટર એનિમેશન અને ફ્લેશ ચિત્ર પ્રસ્તુતિ દ્વારા સમાચાર બુલેટિનની ભવ્યતા અને પ્રભાવશાળી અસરમાં વધારો કરવામાં આવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

60. ટ્રેકિંગ શોટનો ઉપયોગ નીચે આપેલાં કારણોમાંથી કયાં કારણોસર થાય છે?

1. આખું વાતાવરણ દર્શાવવા માટે

2. પાત્રને અનુસરવા માટે

3. પાત્રના મનના હાવભાવ ઝીલવા માટે

4. દર્શકને પોતે સ્થળ પર હોવાનો અહેસાસ કરાવવા માટે

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 4

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 3 અને 4

(D) ફક્ત 2 અને 3

61. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મીડિયામાં એક નવી પાંચમી જાગીર ઊભરી રહી છે, જે ચોથી જાગીર કરતાં પણ વધુ શક્તિશાળી છે. તે નાગરિક પત્રકારો, બ્લોગર્સ, પ્રભાવકો (influencers) અને ડિજિટલ કાર્યકરોનો જાહેર અવાજ છે.

2. ભારતના મહાનગરો અને અન્ય મોટા શહેરોમાં અખબારોના પ્રસાર (circulation) માં ઘટાડો થઈ રહ્યો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

62. પટકથા લેખન (Script Writing) ના મહત્વ અને તેની પ્રક્રિયાના સંદર્ભમાં નીચેનાં વિધાનો તપાસો:

1. પટકથા એ ફક્ત નિર્માતા કે દિગ્દર્શક માટે જ નહીં, પરંતુ ફિલ્મની આખી યુનિટ માટે એક અનિવાર્ય દસ્તાવેજ (Document) છે.
2. ફિલ્મો માટે જે વાર્તા લખાય છે તેનું માળખું સામાન્ય વાર્તાઓ જેવું જ હોય છે, જેમાં સાહિત્યિક ભાષા અને ભાવોનું વિશેષ મહત્વ હોય છે.
3. પટકથા માટે પસંદ કરેલી વાર્તાને મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે: પરિચય/જિજ્ઞાસા, મુખ્ય ઘટનાઓ અને ક્લાઈમેક્સ (પરિણામ).
4. પટકથા લેખકે દ્રશ્યોમાં ચિત્ર (Visual) અને ધ્વનિ (Audio) બંને તત્વોને અસરકારક રીતે રજૂ કરવાના હોય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

63. ઓસ્કાર એવોર્ડ જીતનાર પહેલી ભારતીય ડોક્યુમેન્ટરી કઈ હતી?

(A) ગાંધી (Gandhi)

(B) ધ એલીફન્ટ વિસ્પરર્સ (The Elephant Whisperers)

(C) સ્લમડોગ મિલિયોનર (Slumdog Millionaire)

(D) ટુ કિલ અ ટાઇગર (To Kill a Tiger)

64. પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ પિરિયોડિકલ્સ એક્ટ 2023 વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ પિરિયોડિકલ્સ એક્ટ 2023, એ તેણે સંસ્થાનવાદી સમયના (અંગ્રેજોના સમયના) પ્રેસ એન્ડ બુક્સ રજીસ્ટ્રેશન એક્ટ (1867)નું સ્થાન લીધું છે.
2. શૈક્ષણિક અને વિજ્ઞાન તથા ટેકનોલોજી વિષયક પુસ્તકો અને જર્નલ્સ સહિતના તમામ પ્રકાશનોની પણ PRPA એક્ટ, 2023 હેઠળ નોંધણી કરાવવી જરૂરી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

65. સાહિત્યિક કૃતિઓના સિનેમામાં રૂપાંતરણ (Transformation) અને તેના પડકારો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સાહિત્યિક કૃતિને સિનેમામાં બદલતી વખતે તેનો 'આત્મા' નષ્ટ ન થઈ જાય અને કૃતિનું મૂળભૂત સત્ય જળવાય તે સૌથી મોટો પડકાર છે.
2. જો ફિલ્મકાર કે પટકથા લેખક માનસિક સ્તરે સાહિત્યકારના સ્તર સુધી પહોંચી ન શકે, તો તે સાહિત્યિક કૃતિ સાથે ન્યાય કરી શકતો નથી.
3. સિનેમામાં સાહિત્યિક કૃતિઓને વિકૃત થતી બચાવવા માટે તેમાં 'વિચાર' (Idea)ને ગૌણ રાખીને 'ઈમોશન' (લાગણી)ને જ વધુ મહત્વ આપવું જોઈએ.
4. જેમ જેમ સિનેમામાં ટેકનિકલ કુશળતા વધી છે, તેમ તેમ વાર્તાના મૂળ તત્વો ગુમ થયા છે અને ટેકનિક હાવી થઈ ગઈ હોવાથી રચનાત્મકતા ઘટી છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

66. ડોક્યુમેન્ટરીમાં 'વોઇસ ઓવર'ના ઉપયોગ દ્વારા શું સિદ્ધ કરી શકાતું નથી?

(A) કથાનકની એકસૂત્રતા

(B) દૃશ્યોનો સંદર્ભ

(C) દૃશ્યોની ગુણવત્તા

(D) સહજ દૃશ્યપરિવર્તન

67. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ટેકનોલોજી આધારિત ફેરફારોએ અખબારના પ્રકાશકોની ભૂમિકા માત્ર પ્રકાશનના મુદ્રક હોવા કરતાં પણ વધુ વિસ્તૃત કરી છે.

2. અખબારો, સામયિકો કે પુસ્તકોના પ્રકાશનમાં મુદ્રક અને પ્રકાશક એક જ એકમ હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

68. સંસ્થાકીય 'આંતરિક જનસંપર્ક' (Internal PR) વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. તેનો મુખ્ય હેતુ માલિકો અને કર્મચારીઓ વચ્ચે સમજૂતી અને સહકાર સ્થાપવાનો છે.

2. કર્મચારીઓના અસંતોષને જાણી સંચાલકો સાથે સમાધાન કરાવવું એ જનસંપર્કનું કાર્ય છે.

3. સંસ્થાના આંતરિક એકમો વચ્ચે સંકલનનો અભાવ તેની બાહ્ય 'છાપ' ને નુકસાન કરે છે.

4. જનસંપર્ક નિષ્ણાતો મોટા વહીવટીતંત્ર માટે કાર્યનું 'કેન્દ્રીયકરણ' કરવાની સલાહ આપે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

69. ન્યૂઝ એન્ગલ પસંદ કરતી વખતે કઈ બાબત ટાળવી જોઈએ?

(A) સમાચારની પ્રાસંગિકતા

(B) સમાચારનું મહત્વ

(C) તથ્ય-આધારિત વિગતો

(D) ત્રણમાંથી એકેય નહીં

70. સામયિકોનાં પ્રસાર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. દૈનિક ભાસ્કર ગ્રુપ ભારતમાં સૌથી વધુ પ્રસાર (circulation) ધરાવે છે, જ્યારે મલયાલમ મનોરમા બીજા સ્થાને અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ત્રીજા સ્થાને છે.

2. પ્રેસ રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા (PRGI) અખબારો અને સામયિકોના પ્રસારનું ઓડિટ અને પ્રમાણીકરણ કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

71. 'બાહ્ય જનસંપર્ક' (External PR) અને લોકવલણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જનસંપર્કની સફળતાનો આધાર ઘટનાના 'અર્થઘટન' અને 'પ્રચાર' પર રહેલો છે.

2. સંસ્થાની નકારાત્મક અસર ટાળવા અગાઉથી જ જનસંપર્ક ઝુંબેશ શરૂ કરવામાં આવે છે.

3. વૈશ્વિક કંપનીઓએ વિવિધ જનસમૂહોની રુચિ મુજબ માન્ય નીતિ ઘડવી પડે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

72. ન્યૂઝ કેપ્સુલ કયા પ્રકારના સમાચારમાં વધુ અસરકારક બને?

(A) ફીચર

(B) બ્રેકિંગ ન્યૂઝ

(C) એડિટોરિયલ

(D) ત્રણમાંથી એકેય નહીં

73. 'ભૂલી જવાનો અધિકાર'(Right to be Forgotten) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'ભૂલી જવાનો અધિકાર'નું મૂળ ફ્રેન્ચ કાયદામાં રહેલું છે અને યુરોપિયન યુનિયન કોર્ટ ઓફ જસ્ટિસ દ્વારા તેને ઔપચારિક રીતે સ્વીકારવામાં આવ્યું છે.
2. 'ભૂલી જવાનો અધિકાર' વિશ્વભરમાં સ્વીકૃત છે અને ડેટાનું સંચાલન કરનારાઓ તેનાથી બંધાયેલા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

74. ભારતીય દંડ સંહિતા (IPC) અને અશ્લીલતા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ વિશે નીચેના વિધાનો તપાસો:

1. મંદિરોની મૂર્તિઓ અને ચિકિત્સા વિજ્ઞાનના ચિત્રોને BNS હેઠળ અશ્લીલ ગણવામાં આવતા નથી.
2. ન્યાયાલય અશ્લીલતાનું નિર્ધારણ કરતી વખતે અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સાર્વજનિક શિષ્ટતા વચ્ચે સંતુલન જાળવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

75. ફીચર ફિલ્મની સ્ક્રીપ્ટમાં 'કેરેક્ટર આર્ક' એટલે?

(A) પાત્રની વિશેષતાઓનો અર્ક

(B) પાત્રનો વિકાસ

(C) પાત્રની વિસંગતિઓ

(D) પાત્રની સંકુલતા

76. 'ભૂલી જવાનો અધિકાર' (Right to be Forgotten) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતમાં 'ભૂલી જવાનો અધિકાર'નું અમલીકરણ હજુ પણ અનિશ્ચિતતાની સ્થિતિમાં છે, કારણ કે તેને નિયંત્રિત કરવા માટે કોઈ વૈધાનિક માળખું નથી. સર્વોચ્ચ અદાલત અને DPDP એક્ટ-૨૦૨૩ દ્વારા પરોક્ષ રીતે 'ભૂલી જવાનો અધિકાર'ને માન્યતા આપવામાં આવી હોવા છતાં આ સ્થિતિ છે.

2. Digital Personal Data Protection Act, 2023માં 'ભૂલી જવાનો અધિકાર' માટે વિશિષ્ટ જોગવાઈઓ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

77. અશ્લીલતા અને અશિષ્ટતા (Indecency) ના કાયદાકીય તફાવત વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. અશિષ્ટતાનો અર્થ અશ્લીલતા કરતાં વધુ વ્યાપક છે.

2. ન્યાયાલયે અભિવ્યક્તિની સ્વતંત્રતા અને જાહેર શિષ્ટતા વચ્ચે સંતુલન જાળવવું પડે છે.

3. 'યુવા વ્યક્તિ હાનિકારક અધિનિયમ' હેઠળ જે અશિષ્ટ હોય તે આપોઆપ IPC મુજબ અશ્લીલ ગણાય છે.

4. અશ્લીલતાના માનદંડો સમય અને સામાજિક મૂલ્યો સાથે બદલાતા નથી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 4

(D) 1, 2, 3 અને 4

78. ફીચર ફિલ્મની સ્ક્રીપ્ટમાં 'થ્રી-એક્ટ સ્ટ્રક્ચર'નો શો અર્થ છે?

(A) કથા-સંવાદ-ગીતો

(B) હીરો-હીરોઇન-વિલન

(C) કોમેડી-ટ્રેજેડી-રોમાન્સ

(D) આરંભ-મધ્ય-અંત

79. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આકાશવાણી (All India Radio) ભારતની લગભગ 99 ટકા વસ્તી સુધી વિવિધ ભાષાઓ અને બોલીઓમાં પહોંચે છે.

2. 19 ફેબ્રુઆરીએ વિશ્વ રેડિયો દિવસ ઉજવવામાં આવે છે, જે 1946માં સંયુક્ત રાષ્ટ્ર (United Nations) ના રેડિયોની સ્થાપનાની યાદમાં મનાવવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

80. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ૧૯૬૯ની માર્ગદર્શિકા મુજબ, અખબારી નીતિશાસ્ત્રનો હ્રાસ કરતી બાબતો વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. વિવિધ કોમો વચ્ચે કડવાશ જન્માવે તેવા તથ્યહીન અને ઉશ્કેરણીજનક સમાચારો પ્રગટ કરવા તે અખબારી ગુણધર્મો વિરુદ્ધ છે.

2. કોમી બનાવોમાં સંડોવાયેલી વ્યક્તિઓની ઓળખ છુપાવીને તેને પક્ષપાતી રંગ ચઢાવવો એ પત્રકારત્વનું ન્યાયોચિત કર્તવ્ય છે.

3. વણચકાસેલી અફવાઓ કે શંકાઓને હકીકત તરીકે પ્રગટ કરવી અને તેના પર ટીકા-ટિપ્પણી કરવી એ નીતિશાસ્ત્રનો ભંગ ગણાય છે.

4. કોઈ કોમની સાચી અને ઉચિત ફરિયાદ પર શાંત કાનૂની ઉકેલ માટે ધ્યાન દોરવું એ અખબારોની જવાબદારી છે, પરંતુ તેમાં અતિરેક કરવો અયોગ્ય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

81. ન્યૂઝ એડિટિંગમાં 'ફોકસ એરિયા' શી રીતે મદદરૂપ બને છે?

(A) સમાચાર રસપ્રદ અને ઉત્તેજનાપૂર્ણ બને છે.

(B) સમાચાર લાંબા અને જકડી રાખે એવા બને છે.

(C) સમાચાર સચોટ અને સ્પષ્ટ બને છે.

(D) સમાચાર દૃશ્યાત્મક રીતે સમૃદ્ધ બને છે.

82. 'ભૂલી જવાનો અધિકાર'(Right to be Forgotten) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'ભૂલી જવાનો અધિકાર' ઓનલાઇન સમાચાર સામગ્રીને કાઢી નાખવા બાબતે કાનૂની તપાસના દાયરામાં આવ્યો છે. દિલ્હી હાઈકોર્ટનું એ નિવેદન કે મીડિયાનો અભિવ્યક્તિનો અધિકાર "સંપૂર્ણ" નથી પરંતુ સર્વોચ્ચ અદાલતે આ કાયદો ફેરવી નાખ્યો છે.

2. યુરોપિયન યુનિયનની અદાલતે 2014ના 'ગૂગલ સ્પેન વિરુદ્ધ AEPD' કેસના ચુકાદામાં ઠરાવ્યું હતું કે વ્યક્તિઓ સર્ચ એન્જિન પાસેથી જૂની અથવા અપ્રસ્તુત વ્યક્તિગત માહિતી દૂર કરવાની વિનંતી કરી શકે છે, જેણે 'ભૂલી જવાના અધિકાર' માટેનો માર્ગ મોકળો કર્યો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

83. 1991ની પ્રેસ કાઉન્સિલની માર્ગદર્શિકા હેઠળ રાજ્ય સરકારો અને માધ્યમોની જવાબદારીઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જો સરકાર પત્રકારની ધરપકડ કરે, તો તેની જાણ 24થી 48 કલાકમાં પ્રેસ કાઉન્સિલને કરવી જોઈએ.

2. સુધારાઓને યોગ્ય મહત્વ આપીને ગંભીર કિસ્સાઓમાં દિલગીરી વ્યક્ત કરવી એ અખબારની નૈતિક જવાબદારી છે.

3. જાનહાનિના આંકડાઓમાં વિરોધાભાસ હોય ત્યારે અખબારોએ મહત્તમ આંકડાઓને શીર્ષકમાં પ્રાધાન્ય આપવું જોઈએ.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

84. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જાતીય સતામણી નિવારણ(Prevention of Sexual Harassment- POSH) અધિનિયમ, 2013 જાહેર, ખાનગી અને અસંગઠિત ક્ષેત્રોમાં મહિલાઓ માટે સુરક્ષિત અને ગરિમાપૂર્ણ કાર્યસ્થળ સુનિશ્ચિત કરે છે. 100થી વધુ કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓમાં આંતરિક સમિતિ ફરજિયાત છે.

2. સ્ટેનફોર્ડના ગ્લોબલ AI વાઈબ્રન્સી ઈન્ડેક્સ, 2025માં ભારત ત્રીજા ક્રમે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

85. 'હાઉસ જર્નલ' (House Journal) ના ઉદ્‌ભવ અને તેના સ્વરૂપના સંદર્ભમાં નીચેનાં વિધાનો તપાસો:

1. હાઉસ જર્નલનો ખ્યાલ અમેરિકામાંથી આવ્યો છે અને બીજા વિશ્વયુદ્ધમાં સંરક્ષણ એકમોએ તેનો ઉપયોગ કર્યો હતો.

2. પ્રારંભિક તબક્કે તેમાં ભોજન સમારંભ કે નિવૃત્તિ જેવી ચીલાચાલુ ઘટનાઓ જ સ્થાન પામતી હતી.

3. હાઉસ જર્નલના પ્રકાશનમાં બહારની જાહેરખબરો લેવી અનિવાર્ય છે જેથી સંસ્થા પર ખર્ચનો બોજ ન વધે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

86. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તપાસાત્મક પત્રકારત્વ(Investigating journalism)એટલે એવી બાબતોને બહાર લાવવી, જે કાં તો સત્તા પર રહેલી કોઈ વ્યક્તિ દ્વારા જાણીજોઈને છુપાવવામાં આવી હોય, અથવા અકસ્માતે તથ્યોના પહાડ પાછળ દટાઈ ગઈ હોય.

2. પત્રકારો સામેની હિંસા એ રાષ્ટ્રીય સ્તરે પત્રકાર-વિશિષ્ટ કાયદા હેઠળ એક cognizable offence છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

87. હાઉસ જર્નલના વિષયવસ્તુ અને તેની સફળતાના પરિબળો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંસ્થા જે ક્ષેત્રમાં કાર્યરત હોય તે ક્ષેત્રના અભ્યાસપૂર્ણ લેખો અને સંશોધનોનો સમાવેશ તેમાં થઈ શકે છે.

2. હાઉસ જર્નલની સફળતા માટે સંસ્થાના ધ્યેયો (Objectives) સ્પષ્ટ હોવા અનિવાર્ય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

88. પીળા પત્રકારત્વ(Yellow Journalism) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સનસનાટીભર્યા, અતિશયોક્તિભર્યા અથવા ભ્રામક સમાચાર રિપોર્ટિંગની શૈલીને પીળું પત્રકારત્વ (Yellow Journalism) કહેવામાં આવે છે. આમાં સમાચારના ફેલાવા (સર્ક્યુલેશન) ને વધારવા અથવા કોઈ વ્યક્તિ પર દબાણ લાવીને ફાયદો મેળવવા માટે તથ્યોને તોડી- મરોડીને રજૂ કરવાની વૃત્તિ હોય છે.

2. ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા અને ન્યૂઝ વેબસાઇટ્સ પીળા પત્રકારત્વને અંકુશમાં લાવવામાં ઉપયોગી નીવડી રહ્યાં છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

89. જનસંપર્કના સાધન તરીકે 'દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો' વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. ફિલ્મની સફળતાનો મુખ્ય આધાર તેની પટકથા (Script) પર હોય છે, જેમાં સંસ્થાની તમામ વિગતોને બદલે કોઈ એક મુખ્ય વિચારને ઉપસાવવો જોઈએ.

2. ટેલિવિઝનનો ઉપયોગ માત્ર મનોરંજન માટે જ નહીં, પરંતુ બેંકો, વીમા અને સામાજિક જાગૃતિના કાર્યો માટે પણ થઈ શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

90. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પીળું પત્રકારત્વ અને તપાસાત્મક પત્રકારત્વ એ અર્થમાં સમાન છે કે તે બંને પત્રકારત્વના જ સ્વરૂપો છે. જોકે, તેમના ઉદ્દેશ્યો, નૈતિકતા અને અસરોના સંદર્ભમાં તેઓ એકબીજાથી તદ્દન અલગ છે.
2. ગ્લોબલ ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ નેટવર્ક (GIJN) એ વિશ્વમાં ભ્રષ્ટ પ્રથાઓને ખુલ્લી પાડવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO)ના નેજા હેઠળ કામ કરતી એક આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

91. જનસંપર્કની પ્રવૃત્તિ તરીકે 'પ્રદર્શન-નિર્દેશનો'ના આયોજન અને તેના સ્વરૂપ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. સંસ્થાના પ્રવેશ હોલમાં દીવાલો ઉપર ચિત્રો કે તસ્વીરો દ્વારા સંસ્થાનો ઇતિહાસ અને તેના વિકાસની શ્રેણીનો ખ્યાલ અસરકારક રીતે આપી શકાય છે.
2. પ્રદર્શનની સફળતાની મુખ્ય શરત એ છે કે તે પ્રેક્ષકોમાં રસ જગાડે તેવું અને સંસ્થા વિશેની જાણકારીમાં નક્કર ઉમેરો કરનારું હોવું જોઈએ.
3. શૈક્ષણિક કે સામાજિક સંસ્થાઓમાં પૂર્વ હોદ્દેદારો કે જાણીતા મહાનુભાવોની તસવીરો મૂકવી એ પણ જનસંપર્કનો જ એક પ્રકાર છે.
4. પ્રદર્શનો માત્ર ટૂંકા ગાળાના અને પ્રાસંગિક જ હોઈ શકે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) માત્ર 1, 2 અને 3

(B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

92. 'ગ્લોબલ ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ નેટવર્ક' (GIJN) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પ્રથમ ગ્લોબલ ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ કોન્ફરન્સ 2001માં ડેનમાર્કના કોપનહેગનમાં યોજાઈ હતી. તેના પરિણામે તપાસાત્મક પત્રકારોના વૈશ્વિક સંઘ - 'ગ્લોબલ ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ નેટવર્ક' (GIJN) ની રચના થઈ.
2. દર ચાર વર્ષે યોજાતી આ વૈશ્વિક કોન્ફરન્સમાં 2001માં 100 દેશોના પત્રકારોએ ભાગ લીધો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

93. જનસંપર્ક (PR) અને અખબારી સંપર્ક (Press Relations) વચ્ચેના આંતર-સંબંધો અને કાર્યપદ્ધતિ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. ઘણા લોકો જનસંપર્ક અને અખબારી સંપર્કને એકબીજાના પર્યાય માને છે, પરંતુ વાસ્તવમાં અખબારી સંપર્ક એ જનસંપર્કની સમગ્ર પ્રક્રિયાનું ફક્ત એક મહત્વનું અંગ છે.
2. જનસંપર્ક અધિકારીએ અખબારોનો વિશ્વાસ સંપાદન કરવા માટે સંસ્થાની તમામ માહિતી આપવી જોઈએ, પરંતુ તેમાંથી કઈ માહિતી છાપવી તે બાબતે આગ્રહ રાખવો જોઈએ નહીં.
3. નિષ્ણાતોના મતે, જનસંપર્ક અધિકારી માટે અખબારી કામગીરી સમજવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે તેણે કોઈ અખબારી કચેરીમાં પ્રત્યક્ષ તાલીમ કે 'ઇન્ટર્નશિપ' લેવી જોઈએ.
4. અખબારી સંપર્ક જાળવતી વખતે અધિકારીએ સંસ્થાના હિત (વેચાણ કે છાપ) અને અખબારના હિત (સમાચારનું તત્વ અને વાચકનો રસ) વચ્ચે સમાધાનકારી માર્ગ કાઢવો પડે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

 [Contd.

94. ઈડા ટારબેલ (Ida Tarbell) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તપાસાત્મક પત્રકારત્વના સ્થાપક ઈડા ટારબેલ (Ida Tarbell) એ એક ઓઈલ કંપનીની શંકાસ્પદ કામગીરીના પર્દાફાશ (expose) દ્વારા આ ક્ષેત્રમાં તેમનું પ્રથમ ડગલું માંડ્યું હતું.
2. મહિલાઓ માટે પત્રકારત્વનો એક નવો માર્ગ ખોલ્યા પછી, તેમણે 1910માં પોતાનું મેગેઝિન 'મેક્લુર્સ મેગેઝિન' (McClure's Magazine) શરૂ કર્યું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

95. અખબારી સંપર્કની જાળવણીમાં આવતા અવરોધો અને તંત્રીઓની ફરિયાદોના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અખબારના તંત્રીઓ ઘણીવાર ફરિયાદ કરે છે કે જનસંપર્કની સામગ્રી સમાચારના મુક્ત પ્રવાહમાં અવરોધ ઊભો કરે છે અને ક્યારેક સમાચારને વિકૃત બનાવે છે.
2. કેટલીક સંસ્થાઓ જનસંપર્કને 'વગર પૈસે થતી જાહેરાત' માનીને જગ્યા મેળવવા માટે અખબારો પર દબાણ લાવે છે અથવા અયોગ્ય પ્રલોભનોનો આશરો લે છે.
3. જનસંપર્ક ક્ષેત્રની દલીલ છે કે કોઈ સંસ્થાની વિકાસયાત્રા કે નવી વસ્તુના લોન્ચિંગના સમાચાર રચનાત્મક હોવાથી તેને અખબારમાં સ્થાન આપવું વ્યાજબી છે.
4. જનસંપર્ક અધિકારીએ અખબારને મોકલાતી સામગ્રીને વધુમાં વધુ નાટ્યાત્મક સ્વરૂપ આપવું જોઈએ જેથી તંત્રી તેને તાત્કાલિક પ્રસિદ્ધિ આપે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 4

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

96. ભારતીય બંધારણમાં પત્રકારત્વ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતીય બંધારણમાં પત્રકારત્વ અથવા પ્રેસની સ્વતંત્રતા માટે કોઈ અલગ કે સ્વતંત્ર કલમ નથી.

2. પ્રથમ બંધારણીય સુધારાએ સરકારને જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડતી, વિદેશી શક્તિઓ સાથેના સંબંધોને નુકસાન પહોંચાડતી, ગુના કરવા માટે લોકોને ઉશ્કેરતી સામગ્રીના પ્રકાશન પર પ્રતિબંધ મૂકવાની મંજૂરી આપી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

97. પત્રકાર પરિષદના આયોજન અને તેની પૂર્વ તૈયારીઓ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. દરેક નાના-મોટા પ્રસંગો માટે વારંવાર પત્રકાર પરિષદ યોજવી એ જનસંપર્કની એક પ્રભાવશાળી અને આદર્શ પદ્ધતિ છે.

2. જ્યારે સંસ્થાનું ફક્ત એકપક્ષી મંતવ્ય પૂરતું ન હોય અને વ્યાપક ચર્ચા કે પ્રશ્નોત્તરી જરૂરી હોય ત્યારે જ પત્રકાર પરિષદ યોજવી વાજબી ગણાય છે.

3. પત્રકારોની હાજરીમાં સંસ્થાના આગેવાનો વચ્ચે અભિપ્રાયનો વિરોધાભાસ ન દેખાય તે માટે અગાઉથી આંતરિક મસલત કરી લેવી અનિવાર્ય છે.

4. પત્રકાર પરિષદ દરમિયાન પત્રકારોને આંકડાકીય હકીકતો ધરાવતી યાદી (Press Kit) અગાઉથી આપી દેવાથી પ્રક્રિયા વધુ સરળ બને છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

98. તપાસાત્મક પત્રકારત્વ (Investigative Journalism) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતમાં જાણીતા તપાસાત્મક(investigative journalist) પત્રકાર રીતુ સરીન, ઇન્ટરનેશનલ કન્સોર્ટિયમ ઓફ જર્નાલિસ્ટ્સના પ્રમુખ છે. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત 'દિલ્હી રેકોર્ડર' નામના મેગેઝિનથી કરી હતી.

2. દર બે વર્ષે યોજાતી ગ્લોબલ ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ કોન્ફરન્સનું આયોજન 2023માં ભારત દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

99. એવરેટ એમ. રોજર્સના 'નવીનતાના પ્રસાર' (Diffusion of Innovation)ના સિદ્ધાંત મુજબ, કોઈપણ નવા ખ્યાલને સ્વીકારતા પહેલા વ્યક્તિએ કયા તબક્કાઓમાંથી પસાર થવું પડે છે? તેનો સાચો ક્રમ જણાવો.

1. જ્ઞાન (Knowledge) - વ્યક્તિ નવીનતા વિશે જાગૃતિ મેળવે છે.

2. નિર્ણય (Decision) - વ્યક્તિ નવીનતાને અપનાવવી કે નકારવી તે નક્કી કરે છે.

3. મનાવવું (Persuasion) - વ્યક્તિને નવીનતા અજમાવવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

4. પુષ્ટિ (Confirmation) - વ્યક્તિ પોતાના અગાઉના નિર્ણયની સમીક્ષા કરે છે.

નીચેનામાંથી સાચો ક્રમ પસંદ કરો:

(A) 1 → 2 → 3 → 4

(B) 1 → 3 → 2 → 4

(C) 3 → 1 → 2 → 4

(D) 1 → 4 → 3 → 2

100. માહિતી અધિકાર અધિનિયમ, 2005 વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. માહિતી અધિકાર અધિનિયમ, 2005 ની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી, છતાં તેના પર વ્યાપકપણે ચાર સ્તંભો છે: પારદર્શિતા, જવાબદારી, ભાગીદારી અને કાયદેસરતા/પ્રતિભાવ, જે સુશાસનના કેન્દ્રસ્થાને છે.

2. માહિતી અધિકાર અધિનિયમ, 2005ની જોગવાઈઓ હેઠળ કોઈ વ્યક્તિ કે સંસ્થા ગમે તેટલા પ્રશ્નો પૂછી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

101. ભારતના સર્વાંગી વિકાસ માટે સમૂહ માધ્યમોના ઉપયોગ અંગે કયાં સૂચનો યોગ્ય છે?

1. નાગરિકોમાં વિકાસ પ્રક્રિયામાં સામેલગીરીની ભાવના કેળવવી.

2. રેડિયો સ્ટેશન, ટીવી ટ્રાન્સમીટર અને અખબારો જેવી સંચાર માળખાગત સુવિધાઓનો વિસ્તાર કરવો.

3. ભૌતિક વિકાસની સાથે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી કરવી.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

102. માહિતી અધિકાર અધિનિયમ, 2005 વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. માહિતી અધિકાર કાયદાએ ભારતમાં પત્રકારત્વના દૃષ્ટિકોણમાં નાટ્યાત્મક પરિવર્તન આણ્યું છે. તેણે સ્રોતો પર આધાર રાખવાને બદલે વહીવટી ખામીઓને ઉજાગર કરવા માટે અધિકૃત માહિતી મેળવવાનો એક નવો માર્ગ ખોલ્યો છે.
2. આરટીઆઈ કાયદો નાગરિકોને ફક્ત માહિતીનો અધિકાર આપતો નથી; તે જાહેર જાગૃતિને પણ મહત્વ આપે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

103. ભારતીય કૃષિના આધુનિકીકરણમાં 'અખબારો અને સામયિકો' (Print Media) ની ભૂમિકા અને તેની મર્યાદાઓ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. ગ્રામીણ વિસ્તારોમાં ખેતીના નવા સાધનો અને પદ્ધતિઓ વિશે શિક્ષિત વર્ગને જાગૃત કરવામાં 'રૂરલ પ્રેસ' (Rural Press) મહત્વની ભૂમિકા ભજવી શકે છે.
2. ભાષાકીય અખબારો (Vernacular Press) અંગ્રેજી અખબારોની સરખામણીએ ગ્રામીણ વસ્તી પર વધુ પ્રભાવ ધરાવે છે.
3. ગ્રામીણ વિસ્તારોમાં પરિવહન સુવિધાઓનો અભાવ એ મુદ્રિત માધ્યમોના વિતરણમાં આવતો એક મોટો ટેકનિકલ અવરોધ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

104. માહિતી અધિકાર અધિનિયમ, 2005 વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. માહિતી અધિકાર (RTI) કાયદાના મૂળ ભારતીય બંધારણના અનુચ્છેદ 19માં રહેલા છે, જે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૂળભૂત અધિકારની ખાતરી આપે છે. તેમ છતાં ભારતને વસાહતી કાળના (બ્રિટિશ સમયના) 'ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ' (સત્તાવાર રહસ્યોનો કાયદો) માંથી 'માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫' સુધી પહોંચતા એંસી વર્ષ જેટલો સમય લાગ્યો

2. માહિતી અધિકાર અને પ્રાઇવસીના અધિકારો વચ્ચે સંતુલન જાળવવા માટે જાહેર હિત (Public Interest) એ એક માપદંડ છે. જો વ્યાપક જાહેર હિત રહેલું હોય, તો મુખ્ય માહિતી કમિશનર વ્યક્તિગત પ્રકારની માહિતી પણ પૂરી પાડી શકે છે

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

105. કૃષિ વિકાસ માટે આકાશવાણી (Radio), ટેલિવિઝન (TV) અને ફિલ્મોના ઉપયોગના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રેડિયો એ કૃષિ સંદેશા ફેલાવવા માટેનું આદર્શ માધ્યમ છે, પરંતુ તેની મુખ્ય મર્યાદા એ છે કે તેમાં પદ્ધતિઓનું પ્રાયોગિક નિદર્શન (Practical demonstration) થઈ શકતું નથી.

2. વર્ષ 1975 માં હાથ ધરવામાં આવેલ SITE (Satellite Instructional Television Experiment) પ્રયોગે ટેલિવિઝન દ્વારા ગ્રામીણ જનતા સુધી પહોંચવામાં મોટી સફળતા મેળવી હતી.

3. દસ્તાવેજી ફિલ્મો (Documentary films) કરતા ફીચર ફિલ્મો કૃષિ આધુનિકીકરણના સંદેશા પહોંચાડવામાં વધુ અસરકારક સાબિત થાય છે કારણ કે લોકો તેને ગંભીરતાથી જુએ છે.

4. ટેલિવિઝન માધ્યમની એક મોટી મર્યાદા તેની 'શહેરી પૂર્વગ્રહ' (Urban bias) અને ટીવી સેટની ઊંચી કિંમત છે, જે તેને સામાન્ય ખેડૂત માટે દુર્લભ બનાવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 4

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2, 3 અને 4

 [Contd.

106. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ફેસબુક અને એક્સ જેવા પરંપરાગત સોશિયલ નેટવર્ક્સ ઓપન શેરિંગથી ખાનગી, ક્યુરેટેડ અથવા એઆઈ સંચાલિત સંવાદતરફ મૂળભૂત પરિવર્તનને કારણે ઓળખ સંકટમાંથી (Identity Crisis) પસાર થઈ રહ્યા છે.
2. 'પ્રેક્ષકોનો થાક અને પલાયનવાદની જરૂરિયાત'ને કારણે ધ્યાન ખેંચવાના બદલાતા મોડેલોને ધ્યાનમાં રાખીને, મન પ્રફુલ્લિત કરે તેવો આનંદ (feelgood escape) આપતી સામગ્રી તરફ સભાનપણે ઝુકાવ વધી રહ્યો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

107. સમાચારપત્રની વિશેષતાઓના સંદર્ભમાં નીચેનાં વિધાનો તપાસો:

1. સમાચારપત્ર માટેની પાયાની શરતોમાં સામયિકતા (Periodicity) અને માહિતીનો સમાવેશ થાય છે.
2. સાચું સમાચારપત્ર અઠવાડિયામાં ઓછામાં ઓછું બે વાર પ્રકાશિત થવું અનિવાર્ય છે.
3. તે કોઈ ચોક્કસ વર્ગ કે રુચિ પૂરતું મર્યાદિત ન હોતા, કિંમત ચૂકવનાર તમામ જનતા માટે સુલભ હોવું જોઈએ.
4. હસ્તલિખિત પત્રોથી અલગ, તેનું યાંત્રિક માધ્યમ દ્વારા મુદ્રણ થવું એ તેની પાયાની વિશેષતા છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

108. નીતિગત સંદેશાવ્યવહાર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અસરકારક નીતિ વિષયક સંવાદ (Policy Communication) જટિલ સરકારી પહેલોને સ્પષ્ટ અને સુલભ માહિતીમાં વિભાજિત કરીને લોકોની સમજ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે

2. નીતિગત સંદેશાવ્યવહારને અસરકારક બનાવવા માટે પરંપરાગત મીડિયાને સાંકળતા એક સરળ અભિગમની જરૂર છે

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

109. અખબારી પત્રકારત્વની 'જવાબદારી અને આત્મનિયમન'ના સિદ્ધાંતો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તંત્રીલેખમાં જાણીબૂઝીને કરવામાં આવતી તરફદારી પત્રકારત્વની તંદુરસ્તીને હાનિ પહોંચાડે છે.

2. અખબારે પૂર્વગ્રહ રાખ્યા વગર વિવાદાસ્પદ મુદ્દાઓ પર વિચારોની આપ-લે માટે 'ચર્ચાસ્થાન' પૂરું પાડવું જોઈએ.

3. કાયદાકીય કાર્યવાહીમાં ન હોય તેવા આક્ષેપો, જેનાથી કોઈનું ચારિત્ર્ય હણાય, તે પ્રસિદ્ધ ન કરવા એ અખબારની નૈતિક ફરજ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

110. ભારતના રાષ્ટ્રીય પોર્ટલ (India.Gov.in) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતનું રાષ્ટ્રીય પોર્ટલ એ બધી સરકારી માહિતી, સેવાઓ અને વેબસાઇટ્સનું પ્રાથમિક પ્રવેશદ્વાર છે. તે કેન્દ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે વિવિધ ભારતીય સરકારી સંસ્થાઓની સેવાઓ માટે એક જ પ્રવેશ બિંદુ છે, જેથી લોકો સરળતાથી પહોંચી શકે.

2. ભારતનું રાષ્ટ્રીય પોર્ટલ સહયોગી ધોરણે કાર્ય કરે છે કારણ કે તેની સામગ્રી વિવિધ મંત્રાલયો અને વિભાગોમાંથી મેળવવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

111. 'સારા અખબારના માપદંડ' અને 'જનસેવા' ના સંદર્ભમાં નીચેનાં વિધાનો તપાસો:

1. આર્થિક રીતે સધ્ધર અને સ્વતંત્ર રહેવા માટે સારા અખબારે સર્ક્યુલેશન અને એડ્વર્ટાઇઝિંગ વિભાગો અસરકારક રીતે ચલાવવા જરૂરી છે.

2. પત્રકારે ગુપ્તતાના અધિકારને માન આપવું જોઈએ અને જો સમાચારનો સ્રોત સ્પષ્ટ ન હોય તો તે વાચકોને જણાવવું જોઈએ.

3. સ્થાપિત હિતો કે સમાજવિરોધી પરિબળોની વગને ધ્યાનમાં લીધા વગર તેમનો વિરોધ કરવો એ જનસેવાનો ધર્મ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

112. ભારતની અગ્રણી વેબસાઇટ્સ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતની અગ્રણી વેબસાઇટ્સ પર વૈશ્વિક ટેક-જાયન્ટ્સ, સ્વદેશી ઇ-કોમર્સ પ્લેટફોર્મ અને આવશ્યક સરકારી સેવાઓનું વર્ચસ્વ છે.

2. 2025 દરમિયાન ભારતમાં સૌથી વધુ મુલાકાત લેવાયેલી વેબસાઇટ્સમાં ફેસબુક પ્રથમ ક્રમાંક પર રહી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

113. અશાબ્દિક સંચાર (Non-verbal Communication) ના લક્ષણો વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. શાબ્દિક અને અશાબ્દિક સંદેશા પરસ્પર વિરોધી હોય ત્યારે લોકો શાબ્દિક સંદેશાને વધુ સત્ય માને છે.

2. 'પ્રતીકો' (Emblems) શબ્દોના સ્થાને 'વિકલ્પ' તરીકે કાર્ય કરે છે.

3. 'નિયમન' (Regulating) કાર્ય વાતચીતના પ્રવાહને નિયંત્રિત કરવા સંકેત જેવું કામ કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

114. ડિજિટલ નેટિવ-વૈકલ્પિક ન્યૂઝ પોર્ટલ (Digital native-alternative news portals) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ડિજિટલ નેટિવ-વૈકલ્પિક ન્યૂઝ પોર્ટલ પરંપરાગત મીડિયા જૂથોથી દૂર સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. તેઓ મુખ્ય પ્રવાહના મીડિયા દ્વારા છોડવામાં આવેલી ખાલી જગ્યાને ભરે છે.
2. ભારતનું પહેલું વૈકલ્પિક મીડિયા સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ઊભરી આવ્યું કારણ કે પરંપરાગત મીડિયા પર અંગ્રેજોનું વર્ચસ્વ હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

115. ટેલિવિઝન નિર્માણના વિવિધ તબક્કાઓ (Stages of Production) વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. પ્રી-પ્રોડક્શન તબક્કામાં વિચારધારા, સંશોધન અને સ્ક્રિપ્ટિંગ જેવી પાયાની તૈયારીઓ કરવામાં આવે છે.
2. પોસ્ટ-પ્રોડક્શન તબક્કામાં શૂટિંગ કરેલી સામગ્રીમાંથી દ્રશ્યો પસંદ કરી તેને ચોક્કસ ક્રમમાં ગોઠવવામાં આવે છે, જેને એડિટિંગ કહેવાય છે.
3. જો પ્રી-પ્રોડક્શન અને પ્રોડક્શન તબક્કાઓ સારી રીતે થયા હોય, તો પોસ્ટ-પ્રોડક્શન કાર્ય વધુ કઠિન બની જાય છે.
4. પ્રોડક્શન તબક્કો એ છે જ્યારે ખરેખર સ્ટુડિયોમાં અથવા લોકેશન પર શૂટિંગ કરવામાં આવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

116. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જૂની ટેકનોલોજી પર ચાલતી 'લેગસી વેબસાઇટ્સ' ખર્ચ પરિબળને કારણે અથવા જૂની સિસ્ટમમાં વિશ્વાસને કારણે નવા ટેકનોલોજીકલ વિકાસને અવગણે છે.

2. 'ડિજિટલ-ફર્સ્ટ' ન્યૂઝરૂમનો ખ્યાલ પહેલા ડિજિટલ સમાચાર ઉત્પન્ન કરવા પર પ્રાથમિકતા આપે છે. તે 'પ્રિન્ટ ફર્સ્ટ'થી 'ડિજિટલ ફર્સ્ટ'માં પરિવર્તન છે અને સમાચાર સામગ્રી પર 'લેગસી વેબસાઇટ્સ'ને જોરદાર સ્પર્ધા આપે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

117. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનું મુખ્ય કાર્ય પત્રકારો માટે આચારસંહિતા બનાવવાનું અને પ્રેસની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાનું છે. તે વ્યાવસાયિક ગેરવર્તનની ફરિયાદો પણ સાંભળે છે.

2. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાને તેમની કામગીરીનું નિયમન કરવા ઉપરાંત સામગ્રી પૂરી પાડે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

118. ડિજિટલ નેટિવ-વૈકલ્પિક ન્યૂઝ પોર્ટલ્સ (Digital native-alternative news portals) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ડિજિટલ નેટિવ-વૈકલ્પિક ન્યૂઝ પોર્ટલ્સ (Digital native-alternative news portals) પાસે તેમની કામગીરી માટે કોઈ ચોક્કસ નિયમનકારી પ્રણાલી નથી કે જે તેમના સંચાલનની રૂપરેખા નક્કી કરી શકે.

2. ડિજિટલ નેટિવ-વૈકલ્પિક ન્યૂઝ પોર્ટલ્સ હવે અનિયંત્રિત અને મુક્ત યુગમાંથી બહાર નીકળીને એક ચુસ્તપણે નિરીક્ષણ હેઠળના માળખામાં આવી ગયા છે. આ મુખ્યત્વે ઇન્ફોર્મેશન ટેકનોલોજી (મધ્યવર્તી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા આચાર સંહિતા) નિયમો, 2021 (IT નિયમો 2021) દ્વારા નિયંત્રિત થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

119. પોસ્ટ-પ્રોડક્શન અને એડિટિંગ પ્રક્રિયા વિશે નીચેનામાંથી કયું વિધાન સત્ય છે?

1. એડિટિંગ મશીનો પોતે જ સર્જનાત્મક નિર્ણયો (Creative decisions) લેવા માટે સક્ષમ હોય છે.

2. એડિટિંગ એટલે રેકોર્ડ કરેલી સામગ્રીમાંથી ફક્ત અપ્રસ્તુત દ્રશ્યોને દૂર કરવાની પ્રક્રિયા.

3. એડિટિંગ મશીનો પ્રોગ્રામને રેકોર્ડ થયા પછી તેને વ્યવસ્થિત કરવામાં મદદ કરે છે, પરંતુ અંતિમ પરિણામ એડિટરની સૂઝબૂઝ પર નિર્ભર છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) ફક્ત 1

(B) ફક્ત 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

120. મીડિયા પેકેજ (Media package) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મીડિયા પેકેજ ચર્ચા થઈ રહેલા મુદ્દા પર સચોટ અને વ્યાપક માહિતીની તાત્કાલિક ઍક્સેસ સુનિશ્ચિત કરવા માટે તમામ ઘટકો પૂરા પાડે છે. તે સંશોધન સમય ઘટાડે છે અને વાર્તા પ્રકાશનની શક્યતા વધારે છે.
2. મલ્ટીમીડિયા પેકેજિંગ માહિતીને યોગ્ય રીતે પહોંચાડતું નથી. તેમાં ડેટાનો ફક્ત એક જ ઘટક હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

121. વિકાસલક્ષી સંચાર (Development Communication) ની મૂળભૂત પ્રક્રિયા અને તેની લાક્ષણિકતાઓ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. વિકાસલક્ષી સંચાર એ ફક્ત એક-તરફી (One-way) પ્રક્રિયા છે જ્યાં સરકાર નાગરિકોને માહિતી પૂરી પાડે છે.
2. આ પ્રક્રિયામાં સંચારને લોકોના જીવનધોરણ સુધારવા અને દેશના સામાજિક-આર્થિક વિકાસના સાધન તરીકે જોવામાં આવે છે.
3. વિકાસલક્ષી સંચારનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને સામાજિક, આર્થિક અને તકનીકી ફેરફારોના પડકારોનો સામનો કરવા માટે સશક્ત બનાવવાનો છે.
4. વિકાસશીલ દેશોમાં ગ્રામીણ ગરીબો ઘણીવાર પરંપરાગત અને આધુનિક એમ બંને પ્રકારના સંચાર માધ્યમોથી વંચિત રહે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

122. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મીડિયા વાર્તાલાપ એક પરસ્પર સંવાદની પ્રક્રિયા છે જ્યાં પ્રેક્ષકો, પત્રકારો અને નિષ્ણાતો મીડિયા સામગ્રીની ચર્ચા, અર્થઘટન અને ટીકા કરે છે. તે દ્વિ-માર્ગી સંવાદ પર આધારિત છે.

2. સોશિયલ મીડિયામાં હેશટેગનું મહત્વ એ છે કે તે લખાણને ક્લિક કરી શકાય તેવી લિંકમાં પરિવર્તિત કરે છે. હેશટેગ્સ દરેક મુખ્ય સોશિયલ લિંક્સ પર લોકોને એકબીજા સાથે જોડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

123. વિકાસલક્ષી સંચારના મુખ્ય ક્ષેત્રો (Core Areas) અને અભિયાનો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કૃષિ, મત્સ્યઉદ્યોગ અને પશુપાલન એ વિકાસલક્ષી સંચારના મુખ્ય પાયાના ક્ષેત્રો છે.

2. 'પોલિયો રસીકરણ' એ વિકાસલક્ષી અભિયાનનું એક ઉત્તમ ઉદાહરણ છે જે સંચાર માધ્યમો દ્વારા સફળ બનાવવામાં આવ્યું છે.

3. ગ્રામીણ વિસ્તારોમાં માહિતીના ફેલાવા માટે 'જાહેર માહિતી અભિયાનો' (Public Information Campaigns) જેવી નવી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

124. મીડિયા કન્વર્જન્સ (Media convergence) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સોશિયલ-મીડિયા એ કન્વર્જન્ટ મીડિયા સેક્ટરનો એક નવો પ્રેરક છે. સોશિયલ મીડિયા શબ્દ એવી ટેકનોલોજીઓ, પ્લેટફોર્મ અને સેવાઓ સાથે સંબંધિત છે, જે વ્યક્તિઓને એક-થી-એક, એક-થી-ઘણા અને ઘણા-થી-ઘણા મોડ્સથી પ્રત્યાયનમાં જોડાવા સક્ષમ બનાવે છે.

2. ટ્રાન્સ-મીડિયા સ્ટોરી ટેલિંગનો મીડિયા કન્વર્જન્સ સાથે કોઈ સંબંધ નથી. આમાં બહુવિધ પ્લેટફોર્મ પર સ્ટોરી ટેલિંગનો સમાવેશ થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

125. વિકાસલક્ષી સંચારમાં માધ્યમોની ભૂમિકા અને લોકભાગીદારી વિશે કયું વિધાન સત્ય છે?

1. વિકાસલક્ષી સંચારમાં માધ્યમોનો ઉપયોગ ફક્ત મનોરંજન માટે જ કરવામાં આવે છે.

2. સ્થાનિક સમુદાયની ભાગીદારી વગર કોઈપણ વિકાસલક્ષી અભિયાન પૂર્ણપણે સફળ થઈ શકતું નથી.

3. સરકાર તરફથી મળતી માહિતી ગ્રામીણ વિકાસ માટે બિલકુલ મહત્વની હોતી નથી.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

126. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સોશિયલ મીડિયા રૂપાંતર એ ઓનલાઇન ક્રિયા-પ્રતિક્રિયાઓને અસરકારક રીતે અર્થપૂર્ણ પરિણામોમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા છે. તે ઓનલાઇન પ્રત્યાયનને વાસ્તવિક દુનિયાના હાથ મિલાવવા જેવું છે.
2. ભારતમાં મીડિયાના એકત્રીકરણ (convergence) ને પરિણામે તમામ પ્રકારના મીડિયાના વિવિધ પાસાંઓને નિયંત્રિત કરવા માટે એક સંકલિત કાયદો બનાવવામાં આવ્યો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

127. સરકારી જનસંપર્ક (Government PR) ની સંરચના અને તેના મુખ્ય ઉદ્દેશ્યો વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. સરકારી જનસંપર્કનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારની નીતિઓ, કાર્યક્રમો અને સિદ્ધિઓ વિશે જનતાને માહિતગાર કરવાનો છે.
2. લોકશાહીમાં સરકારી જનસંપર્ક એ ફક્ત એક-તરફી પ્રક્રિયા છે.
3. વિવિધ સરકારી વિભાગો અને જનતા વચ્ચે પરસ્પર સમજણ અને સહકાર ઊભો કરવો એ જનસંપર્કની મહત્વની રણનીતિ છે.
4. સરકારી નીતિઓના અમલીકરણ માટે અનુકૂળ જાહેર અભિપ્રાય (Public Opinion) ઊભો કરવામાં જનસંપર્ક સહાયક બને છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

128. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વિદેશ મંત્રાલય અને ઓલ ઇન્ડિયા રેડિયો (AIR)નું સંયુક્ત સાહસ- ઇન્ડિયા ગ્લોબલ, ભારતના દ્વિપક્ષીય સંબંધોને ઉજાગર કરવા અને રેડિયો શ્રોતાઓને આંતરરાષ્ટ્રીય બાબતોની દુનિયાની નજીક લાવવાનો હેતુ ધરાવતો કાર્યક્રમ છે.
2. વિદેશ મંત્રાલયની 'મદદ' હેલ્પલાઇન એક એવું પ્લેટફોર્મ છે જે પાસપોર્ટ સંબંધિત ફરિયાદો નોંધે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

129. સરકારની જનસંપર્ક વ્યૂહરચના અને તેના કાર્યક્ષેત્ર વિશે કયું વિધાન સત્ય છે?

1. સરકારી જનસંપર્કનું કાર્ય ફક્ત ચૂંટણી સમયે જ સક્રિય હોય છે.
2. જનકલ્યાણની યોજનાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય અને કાયદો-વ્યવસ્થા વિશે લોકોને જાગૃત કરવા એ સરકારી જનસંપર્કની મૂળભૂત જવાબદારી છે.
3. સરકારી જનસંપર્ક અધિકારીઓએ ફક્ત સરકારની તરફેણ કરવી જોઈએ, ભલે માહિતી ખોટી હોય.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

130. સેન્ટ્રલાઇઝ્ડ પબ્લિક ગ્રીવન્સ રિડ્રેસ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (CPGRAMS) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સેન્ટ્રલાઇઝ્ડ પબ્લિક ગ્રીવન્સ રિડ્રેસ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (CPGRAMS) એ નાગરિકો માટે 24x7 સેવા વિતરણ સંબંધિત મુદ્દાઓ પર જાહેર અધિકારીઓને તેમની ફરિયાદો નોંધાવવા માટે ઉપલબ્ધ એક ઓનલાઈન પ્લેટફોર્મ છે.
2. CPGRAMS RTI, કોર્ટ સંબંધિત/સબ-જ્યુડિસ બાબતો અને ધાર્મિક બાબતો સંબંધિત ફરિયાદો પણ હાથ ધરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

131. જાહેરાતો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ટીવી જાહેરાતોમાં પંચલાઇનને અંતિમ 'કિલર લાઇન' અથવા 'ઝિન્ગર' (killer line or the zinger) તરીકે ઓળખવામાં આવે છે જે દર્શકોના મન પર જાહેરાતની છાપ છોડી દે છે.
2. મુદ્રિત જાહેરાતો (અખબારો અને સામયિકો) જાહેરાતને પ્રભાવશાળી બનાવવા માટે શક્તિશાળી હેડલાઇન, આકર્ષક દૃશ્ય અને ધારદાર સ્ક્રિપ્ટ પર ખૂબ આધાર રાખે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

132. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સરકારની સત્તાવાર વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સની ઓળખ અને તેનો સરકાર સાથેનો સંબંધ યોગ્ય ગુણોત્તર અને રંગમાં પ્રતીક/લોગો દર્શાવીને થાય છે. તે મુલાકાતીઓને ખાતરી આપે છે કે સરકારી વેબસાઇટ/એપ અધિકૃત છે.

2. "સેફ ટુ હોસ્ટ" પ્રમાણપત્ર એક સુરક્ષા માન્યતા પ્રક્રિયા છે. તે ખાતરી કરે છે કે વેબ એપ્લિકેશન, પોર્ટલ અથવા આઇટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્ટરનેટ પર લાઇવ થવા માટે સલામત છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

133. 'વ્યક્તિનિષ્ઠ સમાચાર' (Personalized/Individualized News) અને ન્યુ મીડિયાની વિશેષતાઓ અંગે નીચેનાં વિધાનો તપાસો:

1. વ્યક્તિનિષ્ઠ સમાચારનો આધાર વ્યક્તિની જરૂરિયાત મુજબના સમાચાર છે, જેમ કે કોઈને ફક્ત ક્રિકેટમાં રસ હોય તો તેને ફક્ત તે જ સમાચાર પૂરા પાડવા.

2. ન્યુ મીડિયામાં 'વ્યક્તિનિષ્ઠ સમાચાર' પૂરા પાડવાની સુવિધા હોતી નથી.

3. ઓનલાઇન લર્નિંગ એટલે વર્લ્ડ વાઈડ વેબ (WWW) ના માધ્યમથી શિક્ષણ મેળવવાની પ્રક્રિયા.

4. ઓનલાઇન લાઇબ્રેરી એ પુસ્તકોનો એવો સંગ્રહ છે જે ઇન્ટરનેટના માધ્યમથી ગમે ત્યાંથી એક્સેસ કરી શકાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

 [Contd.

134. સોશિયલ પ્રચાર માધ્યમ(Media) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સોશિયલ પ્રચાર માધ્યમે જન સંચારના મોડેલને એક-માર્ગી પ્રસારણથી વૈશ્વિક પરિમાણો સાથે સહભાગી મોડેલમાં બદલી નાખ્યું છે.
2. સોશિયલ પ્રચાર માધ્યમે એક વૃતાંત(narrative )થી બીજાં વૃતાંત તરફ કૂદકા મારવાની વૃત્તિ સાથે જન સંચારનો વ્યાપ સંકુચિત કરી દીધો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

135. ન્યુ મીડિયાના વિવિધ સ્વરૂપો અને તેના પ્રભાવ વિશે નીચેનામાંથી કયું/કયા વિધાન/વિધાનો સત્ય છે?

1. ઓનલાઇન ગેમ્સ એ ન્યુ મીડિયાનું એવું ઉદાહરણ છે જે મનોરંજનની સાથે ઇન્ટરેક્ટિવિટી (આંતરક્રિયા) પૂરી પાડે છે.
2. ન્યુ મીડિયાના કારણે વાચક હવે ફક્ત નિષ્ક્રિય ગ્રાહક નથી રહ્યો, પરંતુ તે સમાચાર પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાઈ શકે છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

136. લઘુનવલ (Novella) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નવલકથા કરતાં ટૂંકી કથાત્મક કાલ્પનિક કૃતિ પરંતુ એક જ બેઠકમાં વાંચી શકાય તેવી નવલિકા કરતાં લાંબી વાર્તાને લઘુનવલ (Novella) કહેવામાં આવે છે.

2. લઘુનવલ સામાન્ય રીતે 800 પાનાં (80,000 થી 90,000 શબ્દો) જેટલી હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

137. પત્રકારત્વ અને બ્લોગિંગ વચ્ચેના તફાવત વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. બ્લોગર્સ મોટે ભાગે ગૌણ વિશ્લેષણ અને હાયપરલિંક્સ પર ધ્યાન આપતા હોવાથી તેમને 'એડિટર્સ' ગણવામાં આવે છે.

2. બ્લોગર્સ સાક્ષીઓ સાથે સીધી વાત કરે છે, તેથી બ્લોગિંગ એ પત્રકારત્વનું શુદ્ધ સ્વરૂપ છે.

3. બ્લોગર્સ પાસે માહિતીની સ્વતંત્ર ચકાસણી (Fact-check) કરવાની તાલીમનો અભાવ હોય છે.

4. બ્લોગર્સ પાસે પત્રકારોની જેમ સત્તાના કેન્દ્રો સુધી પહોંચ કે સમાચાર માટેના મજબૂત સ્રોત હોતા નથી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

138. સ્થાનિક સંચાર ઉપગ્રહ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આર્યભટ્ટ ભારતનો પ્રથમ સ્થાનિક સંચાર ઉપગ્રહ હતો.

2. INSAT-1A ભારતનો પ્રથમ સ્થાનિક સંચાર ઉપગ્રહ હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

139. પત્રકારત્વ પર બ્લોગિંગના પ્રભાવ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 9/11 ના હુમલાએ સાબિત કર્યું કે બ્લોગર્સ દ્વારા સામાન્ય લોકો પણ ઇતિહાસનો 'પ્રથમ ડ્રાફ્ટ' લખી શકે છે.

2. બ્લોગિંગે પરંપરાગત મીડિયાને તેમના મર્યાદિત સ્રોતોમાંથી બહાર આવી વધુ વ્યાપક માહિતી શોધવા મજબૂર કર્યા છે.

3. કટોકટીમાં બ્લોગર્સની 'વ્યક્તિગત જુબાની' (Personal Testimony) અત્યંત શક્તિશાળી સાબિત થઈ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

140. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'અન્ડરસ્ટેન્ડિંગ મીડિયા' પુસ્તક માર્શલ મેકલુહાને લખ્યું છે.

2. 'બૂક વૉર્સ:ધ ડિજિટલ રિવોલ્યુશન ઓફ પબ્લિશિંગ' પુસ્તક જોન ડરહામે લખ્યું છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

141. મોબાઈલ જર્નાલિઝમના ઉદ્‌ભવ અને પાયાના પરિબળો વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. વર્લ્ડ વાઈડ વેબ (WWW) ના સર્જક ટિમ બર્નર્સ-લીએ કમ્પ્યુટર નેટવર્કિંગને સામાન્ય જનતા માટે સુલભ બનાવ્યું.

2. 2007માં Apple iPhone ના લોન્ચિંગે મોબાઈલને ફક્ત સેલ્યુલર ઉપકરણમાંથી એક શક્તિશાળી મીડિયા ટૂલમાં રૂપાંતરિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી.

3. 'મોબિલિટી' (Mobility) એ સ્માર્ટફોનનું એવું લક્ષણ છે જે તેને કમ્પ્યુટરથી અલગ પાડે છે, કારણ કે તે વપરાશકર્તાની સાથે દરેક જગ્યાએ પ્રવાસ કરી શકે છે.

4. મોબાઈલ જર્નાલિઝમના ઉદ્‌ભવથી મીડિયાના વપરાશ અને ઉત્પાદનનું લોકશાહીકરણ ઘટ્યું છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

142. ભારતમાં પ્રથમ રેડિયો પ્રસારણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઓલ ઈન્ડિયા રેડિયોએ 1945માં પ્રથમ રેડિયો કાર્યક્રમ પ્રસારિત કર્યો હતો.

2. 1923માં રેડિયો ક્લબ ઓફ મુંબઈ દ્વારા પ્રથમ રેડિયો પ્રસારણ કરવામાં આવ્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

143. મોબાઈલ જર્નાલિઝમની વ્યાખ્યા અને તેના પ્રકારો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મોબાઈલ જર્નાલિઝમનો અર્થ ફક્ત મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો એ નથી, પરંતુ તેનો અર્થ રિપોર્ટરનું ગતિશીલ (Mobile) હોવું તે છે.

2. મોબાઇલ જર્નાલિઝમના ત્રણ પ્રકાર છે: વપરાશકર્તા દ્વારા જનરેટ કરાયેલ સામગ્રી, સિટિઝન જર્નાલિઝમ અને વ્યાવસાયિક મોબાઈલ પત્રકારો.

3. મોબાઈલ જર્નાલિઝમમાં સમાચાર એકત્રિત કરવા, એડિટ કરવા અને પ્રસારિત કરવા માટે અલગ-અલગ ઉપકરણોની જરૂર પડે છે.

4. 'કન્વર્જન્સ' (Convergence) એ એવી પ્રક્રિયા છે જેમાં સમાચાર સંગ્રહ, ઉત્પાદન અને વિતરણના અનેક તબક્કાઓ એક જ સાધનમાં સમાવિષ્ટ થાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

144. ભારતમાં મીડિયા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બંધારણીય વર્ણન પ્રમાણે ભારતમાં મીડિયાને 'ચોથી 'જાગીર' તરીકે ગણવામાં આવે છે.

2. મીડિયા માટે 'ચોથી 'જાગીર' જેવો કોઈ બંધારણીય દરજ્જો નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

145. ડોક્યુમેન્ટરી ફિલ્મની વિભાવના અને તેની લાક્ષણિકતાઓ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. ડોક્યુમેન્ટરી એ સત્ય હકીકતોને શિક્ષણ અથવા મનોરંજનના હેતુ માટે આકાર આપતી ફિલ્મ છે.

2. ડોક્યુમેન્ટરી ફિલ્મ નિર્માતાએ વાસ્તવિકતાનો અભ્યાસ કરી પોતાનો દૃષ્ટિકોણ નક્કી કરવો પડે છે અને એડિટિંગ દ્વારા તેને વાસ્તવિકતાની નજીક રાખવી પડે છે.

3. સિનેમાનું મુખ્ય કાર્ય ભૌતિક વાસ્તવિકતાને સાચવવાનું અને તેને બેવડાવવાનું (Duplicating) છે.

4. ડોક્યુમેન્ટરી ફિલ્મો વાસ્તવિકતાના નિષ્પક્ષ રેકોર્ડિંગ કરવાને બદલે માનવી હોવાનો અનુભવ કે અભિપ્રાય રજૂ કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

146. મીડિયા માટે કાનૂની માળખા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે અભિવ્યક્તિની સ્વતંત્રતા અને જવાબદારીઓ વચ્ચે સંતુલન સુનિશ્ચિત કરવા માટે છે.

2. તે સરકારી હસ્તક્ષેપથી મીડિયાનું રક્ષણ કરવા માટે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

147. ઇન્ટરનેટની કાર્યપદ્ધતિ અને તેના ભૌતિક માળખા વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. ઇન્ટરનેટ એ અબજો કોમ્પ્યુટર્સ અને અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણોનું વૈશ્વિક નેટવર્ક છે.

2. વાઇ-ફાઇ (Wi-Fi) અને 3G/4G જેવી વાયરલેસ કનેક્ટિવિટીને ઇન્ટરનેટ એક્સેસ કરવા માટે ભૌતિક કેબલ (જેમ કે ફાઇબર ઓપ્ટિક) ની જરૂર પડતી નથી.

3. જ્યારે તમે કોઈ વેબસાઇટની મુલાકાત લો છો, ત્યારે તમારું કોમ્પ્યુટર સર્વરને વિનંતી (Request) મોકલે છે, જ્યાં વેબસાઇટ્સ સંગ્રહિત હોય છે.

4. સર્વર એ કોમ્પ્યુટરની હાર્ડ ડ્રાઈવ જેવું જ કાર્ય કરે છે, જે વિનંતી મળતા ડેટાને પરત મોકલે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

148. બદનક્ષી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કાયદા મુજબ પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડતા બધા નિવેદનો બદનક્ષી ગણાતા નથી.

2. જો બદનક્ષીનો ખોટો આરોપ મૂકવામાં આવ્યો હોય તો નાગરિક અને ફોજદારી કાયદા હેઠળ આરોપીઓ માટે ચોક્કસ બચાવ ઉપલબ્ધ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

149. વર્લ્ડ વાઈડ વેબ (Web) અને વેબ બ્રાઉઝર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઇન્ટરનેટ અને વર્લ્ડ વાઈડ વેબ (Web) બંને એક જ છે અને તેમાં કોઈ તફાવત નથી.

2. વેબ બ્રાઉઝર એ એક એવી એપ્લિકેશન છે જે ઇન્ટરનેટ પર સંગ્રહિત વેબસાઇટ્સને જોવાની સુવિધા આપે છે.

3. વેબસાઇટ એ સંબંધિત ટેક્સ્ટ, છબીઓ અને અન્ય સંસાધનોનો સંગ્રહ છે જે ઇન્ટરેક્ટિવ હોઈ શકે છે.

4. વેબ બ્રાઉઝર પોતે ઇન્ટરનેટ નથી, પરંતુ તે ફક્ત ઇન્ટરનેટ પરની માહિતીને પ્રદર્શિત કરવાનું માધ્યમ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

150. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અદાલત કોપીરાઇટ એક્ટ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), 2023 જેવા કાયદાઓને આધારે પ્રકાશિત અથવા દૃશ્ય સામગ્રીની અશ્લીલતા નક્કી કરે છે.

2. ચોક્કસ કસોટી લાગુ કરીને અશ્લીલતા નક્કી કરવા માટે અદાલતો હવે ચોક્કસ કાયદા લાગુ કરતાં પહેલા સમકાલીન સામાજિક ધોરણોના આધારે અશ્લીલતાનો ન્યાય કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

151. ફેસબુકના ઉદ્ભવ અને તેની વિશેષતાઓ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. ફેસબુકની સ્થાપના 2004 માં માર્ક ઝુકરબર્ગ દ્વારા હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન કરવામાં આવી હતી.

2. ફેસબુકની લોકપ્રિયતાનું મુખ્ય કારણ એ છે કે તે ઇમેઇલ જેવી જ ખાનગી સંચાર પદ્ધતિ છે.

3. હાલમાં ફેસબુક દુનિયાનું સૌથી મોટું સોશિયલ નેટવર્ક છે, જેના વિશ્વભરમાં કરોડો વપરાશકર્તાઓ છે.

4. ફેસબુક એકાઉન્ટનો ઉપયોગ અન્ય વેબસાઇટ્સ પર સાઇન-ઇન કરવા માટે પણ થઈ શકે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

152. સેટેલાઇટ ઇન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપરિમેન્ટ (SITE) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સેટેલાઇટ ઇન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપરિમેન્ટ (SITE) એ ભારતમાં ટૂંકા ગાળા માટે હાથ ધરવામાં આવેલ એક પ્રાયોગિક ઉપગ્રહ-આધારિત સંચાર પ્રોજેક્ટ હતો.

2. તે ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) અને નાસા વચ્ચેનું સંયુક્ત સાહસ હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

153. ટ્વિટર બોટ્સ (Twitter Bots) ની કાર્યપદ્ધતિ અને તેના સામાજિક પ્રભાવો વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. ટ્વિટર બોટ એ એક એવો કોમ્પ્યુટર પ્રોગ્રામ છે જે આપમેળે ટ્વીટ, રીટ્વીટ અને અન્ય એકાઉન્ટ્સને ફોલો કરવા માટે પ્રોગ્રામ કરેલ હોય છે.

2. આ ફેક એકાઉન્ટ્સનો ઉપયોગ ઘણીવાર જાહેરાતકર્તાઓ માટે મોટી સંખ્યામાં ફોલોઅર્સ ઊભા કરવા અથવા ચોક્કસ શબ્દો પર પ્રતિક્રિયા આપવા માટે થાય છે.

3. આ બોટ્સમાં 'સ્લીપ-વેક સાયકલ' (Sleep-wake cycles) હોય છે, જેથી તેઓ વાસ્તવિક માણસ જેવા લાગે અને પકડાઈ ન જાય.

4. ટ્વિટર પર લોકપ્રિયતાનો ભ્રમ ઊભો કરવા માટે મોટી સંખ્યામાં બોટ્સને ફોલોઅર્સ તરીકે મેળવવાની પ્રથાને ટ્વિટર દ્વારા સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 4

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3

(D) 1, 2, 3 અને 4

154. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. યુનેસ્કોએ શાંતિ અને આંતરરાષ્ટ્રીય સમજણને મજબૂત બનાવવા માટે સમૂહ માધ્યમોના યોગદાન સંબંધિત મૂળભૂત સિદ્ધાંતો પર એક ઘોષણા અપનાવેલ છે.

2. આ ઘોષણામાં બે રાષ્ટ્રો વચ્ચેના સંઘર્ષને અટકાવીને શાંતિને પ્રોત્સાહન આપવામાં મીડિયાની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

155. યુટ્યુબ (YouTube) ના કાર્ય અને તેની લોકપ્રિયતાના કારણો વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. યુટ્યુબ એક મફત વીડિયો શેરિંગ વેબસાઇટ છે જે વપરાશકર્તાઓને વીડિયો જોવાની અને પોતાના વીડિયો અપલોડ કરવાની સુવિધા આપે છે.

2. 'સેફ્ટી મોડ' (Safety Mode) એ યુટ્યુબનું એક એવું ટૂલ છે જે અમુક પ્રકારના વીડિયો પર પ્રતિબંધ મૂકવામાં મદદ કરે છે, જે બાળકો માટે ઉપયોગી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

156. સાયબર બદનક્ષી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતમાં સાયબર બદનક્ષી મુખ્યત્વે સામાન્ય ફોજદારી કાયદાઓ અને ચોક્કસ ટેકનોલોજી કાયદાઓના સંયોજન દ્વારા સંચાલિત થાય છે. એક પણ "સાયબર બદનક્ષી કાયદો" નથી.

2. માહિતી અને ટેકનોલોજી અધિનિયમ 2000 હેઠળ પૂરક જોગવાઈઓ બદનક્ષીના કેસ બાબતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023ને મજબૂત બનાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

157. સમૂહ પ્રત્યાયન (Mass Communication) માં 'પ્રેક્ષકગણ'ની લાક્ષણિકતાઓ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. સમૂહ પ્રત્યાયનનો પ્રેક્ષકગણ વિશાળ, અનામી અને વિવિધ સામાજિક પશ્ચાદભૂ ધરાવતો હોય છે.

2. સંદેશ મોકલનાર વ્યક્તિગત રીતે સમૂહના દરેક સભ્યને જાણતા નથી હોતા.

3. પ્રેક્ષકગણ કોઈ એક ચોક્કસ જૂથ પૂરતો મર્યાદિત હોવાને બદલે સમાજમાં ફેલાયેલો હોય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

158. માહિતી ટેકનોલોજી નિયમો, 2021 વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. માહિતી ટેકનોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) નિયમો, 2021 સમાચાર અને વર્તમાન બાબતોની સામગ્રી અને ક્યુરેટેડ દૃશ્ય-શ્રાવ્ય સામગ્રીના ઑનલાઇન પ્રકાશકો દ્વારા સામગ્રીના નિયમન માટે એક માળખું પૂરું પાડે છે.

2. આ નિયમો અખબારો અને સમાચાર ચેનલો સાથે તેમની સામગ્રી નિયમનના સંબંધમાં પણ લાગુ પડે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

159. દૃશ્ય-શ્રાવ્ય સાધનોના વર્ગીકરણ અને તેની લાક્ષણિકતાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જે સાધનોમાં ફક્ત જોવાની ઇન્દ્રિયનો ઉપયોગ થાય (જેમ કે નકશા, ચાર્ટ, મોડેલ) તેને 'દ્રશ્ય સાધનો' કહેવાય છે.

2. રેડિયો, ગ્રામોફોન અને ટેપરેકોર્ડર એ 'શ્રાવ્ય સાધનો'ના ઉદાહરણો છે જે ફક્ત સાંભળવાની ઇન્દ્રિય પર આધારિત છે.

3. ટેલિવિઝન, ફિલ્મો અને કમ્પ્યુટર એ 'દ્રશ્ય-શ્રાવ્ય' સાધનો છે કારણ કે તેમાં જોવાની અને સાંભળવાની બંને ક્રિયાઓ સાથે થાય છે.

4. દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવા માટે શિક્ષકને કોઈ વિશેષ તાલીમ કે પૂર્વ-તૈયારીની જરૂર હોતી નથી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

160. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા દ્વારા પત્રકારો માટે એક આચારસંહિતા નક્કી કરવામાં આવી છે. તે મીડિયા ઉદ્યોગ માટે સ્વ-નિયમનકારી નૈતિક માળખા તરીકે કામ આપવા માટે રચાયેલ છે.
2. ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ જર્નાલિસ્ટ્સ (IFJ)ની ઘોષણામાં સ્વતંત્ર મીડિયા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેની વર્ષગાંઠ 3જી મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

161. મલ્ટીમીડિયા જર્નાલિઝમના મુખ્ય ઘટકો અને તેની વિશેષતાઓ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. મલ્ટીમીડિયા જર્નાલિઝમમાં 'ટેક્સ્ટ' (લેખિત લખાણ) ફક્ત સહાયક ભૂમિકા ભજવે છે, જ્યારે વાસ્તવિક પાયો ફક્ત વીડિયો અને ઓડિયો જ છે.
2. ઇન્ફોગ્રાફિક્સ અને ડેટા વિઝ્યુલાઇઝેશન જટિલ આંકડાકીય માહિતીને ઝડપથી અને આકર્ષક રીતે સમજવામાં મદદ કરે છે.
3. ઇન્ટરેક્ટિવ ઘટકો (જેમ કે પોલ્સ, ટાઇમલાઇન અને ક્લિક કરી શકાય તેવા ગ્રાફિક્સ) પ્રેક્ષકોને સમાચાર પ્રક્રિયામાં સક્રિયપણે જોડે છે.
4. મલ્ટીમીડિયા અભિગમ જટિલ વાર્તાઓને વધુ પ્રભાવશાળી બનાવે છે કારણ કે તે પ્રેક્ષકોની વિવિધ પસંદગીઓ મુજબ બહુ-સંવેદનાત્મક (Multi-sensory) અનુભવ પૂરો પાડે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

162. મીડિયા નેટવર્ક્સ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'ખબર લહરિયા', 'જનવાણી', 'ગાંવ કનેક્શન' અને 'પરી' જેવા મીડિયા નેટવર્ક્સ ગ્રામીણ અને પાયાના સ્તરના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો એક સામાન્ય દોર ધરાવે છે.
2. 'ખબર લહરિયા' ભારતનું એકમાત્ર સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત મીડિયા સંગઠન છે, જેમાં વિવિધ પૃષ્ઠભૂમિની મહિલા પત્રકારોનું એક જૂથ આ શોનું સંચાલન કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

163. આધુનિક મલ્ટીમીડિયા રિપોર્ટિંગમાં સોશિયલ મીડિયાના ઉપયોગ અને તેની ભૂમિકા વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પત્રકારોને બ્રેકિંગ ન્યૂઝ દરમિયાન ટૂંકા લખાણ, ફોટા અને વીડિયો દ્વારા 'રીયલ-ટાઇમ અપડેટ્સ' આપવાની સુવિધા પૂરી પાડે છે.
2. ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ (Instagram Stories) એ વીડિયો ક્લિપ્સ, ટેક્સ્ટ ઓવરલે અને ઇમેજ સ્લાઇડશોના મિશ્રણ દ્વારા ગતિશીલ સમાચાર અહેવાલ બનાવવાનું ઉત્તમ ઉદાહરણ છે.
3. સોશિયલ મીડિયા પત્રકારોને 'ક્રાઉડસોર્સિંગ' (Crowdsourcing) માં મદદ કરે છે, જેના દ્વારા તેઓ પ્રત્યક્ષદર્શીઓ પાસેથી માહિતી અને સ્થાનિક આંતરદૃષ્ટિ મેળવી શકે છે.
4. પત્રકારો સોશિયલ મીડિયા પર મળેલી માહિતીની સત્યતા તપાસવા માટે 'Google Reverse Image Search' જેવા સાધનોનો ઉપયોગ કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

164. ભારતમાં કૃષિ પ્રકાશન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કૃષિ પરનું પ્રથમ ભારતીય પ્રકાશન 1906માં પ્રકાશિત થયું હતું.

2. કૃષિ પરનું પ્રથમ હિન્દી જર્નલ 'કૃષિ સુધાર' હતું, જે 1914માં પ્રકાશિત થયું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

165. પત્રકારત્વમાં સારા અવાજ (ઓડિયો) માટે કઈ બાબતો જરૂરી છે?

1. અવાજની સ્પષ્ટતા માટે માઈકની પસંદગી મહત્વની છે, જેમ કે રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ) માટે કોલર પર લગાવી શકાય તેવા નાના માઈક વધુ સારા ગણાય છે.

2. સ્પેશિયલ માઈક (ડાયરેક્શનલ માઈક) નો મુખ્ય હેતુ આસપાસનો બધો જ વધારાનો અવાજ રેકોર્ડ કરવાનો હોય છે.

3. રેકોર્ડિંગ શરૂ કરતા પહેલા અવાજનું સ્તર તપાસવું જરૂરી છે, જેથી અવાજ બહુ મોટો કે બહુ ધીમો ન રહી જાય.

4. રેકોર્ડિંગ થઈ ગયા પછી કોમ્પ્યુટર પ્રોગ્રામની મદદથી અવાજમાં રહેલો નકામો ઘોંઘાટ દૂર કરી શકાય છે અને અવાજને વધુ ચોખ્ખો બનાવી શકાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

166. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સોશિયલ મીડિયાની કામગીરી માટે વહીવટી માળખું કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા પૂરું પાડવામાં આવે છે, જે તેના સંચાલન માટે નિયમો અને નિયમનો પણ ઘડે છે.
2. માહિતી અને પ્રસારણ મંત્રાલય અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય સોશિયલ મીડિયા કામગીરીનું સંચાલન કરે છે. તેઓ તેમના સંચાલન માટે કાર્યરત અને કાનૂની માર્ગદર્શિકા બનાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

167. જાહેરાત (Advertising) અને જનસંપર્ક (Public Relations) વચ્ચેના તફાવત વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. જાહેરાત એ એક એવું માધ્યમ છે જેના માટે સીધું જ નાણાકીય ચુકવણું (Paid) કરવામાં આવે છે, જ્યારે જનસંપર્ક માટે સામાન્ય રીતે સીધું ચુકવણું કરવામાં આવતું નથી.
2. જાહેરાત હંમેશા પ્રત્યક્ષ અને સ્પષ્ટ હોય છે, જેને જોતા જ લોકો તરત સમજી જાય છે કે આ કોની જાહેરાત છે અને કોણ કરી રહ્યું છે.
3. જનસંપર્ક (PR) એ ખૂબ જ ચાતુર્યપૂર્ણ અને પરોક્ષ (Indirect) પ્રક્રિયા છે, જેમાં લોકો તરત જ સમજી શકતા નથી કે આ જનસંપર્ક કોણ કરી રહ્યું છે.
4. જાહેરાત અને જનસંપર્ક એ રેડિયો કે ટેલિવિઝનની જેમ 'સમૂહ માધ્યમો' (Mass Media) છે, નહીં કે ગ્રાહકો સુધી પહોંચવા માટેની તકનીકો.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

168. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સોશિયલ મીડિયાનું કાર્ય માહિતી ટેકનોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) નિયમો, 2025 દ્વારા પૂરા પાડવામાં આવેલ માળખા દ્વારા સંચાલિત થાય છે.
2. માહિતી ટેકનોલોજી એક્ટ, 2000, સાયબર પ્રવૃત્તિઓ, ઇલેક્ટ્રોનિક વાણિજ્ય અને ડિજિટલ હસ્તાક્ષરો સાથે વ્યવહાર કરવા માટેનું એક મુખ્ય માળખું છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

169. અખબારો અને પત્રકારો માટે અશ્લીલતા (Obscenity) તથા સામાજિક મૂલ્યોના જાળવણી અંગેના નિયમો વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. અખબારોમાં છપાતી કોઈ તસવીર અશ્લીલ છે કે નહીં, તે નક્કી કરવા માટે તે ફક્ત પૈસા કમાવવાના હેતુથી છાપવામાં આવી છે કે સમાજ સુધારણા કે કલાના હેતુથી, તે તપાસવું જરૂરી છે.
2. કલાકારને પોતાની કલા રજૂ કરવાની આઝાદી છે, પરંતુ અખબારના પાના એ ઉઘાડી કે બિભત્સ કલાના પ્રદર્શન માટે હંમેશા યોગ્ય જગ્યા ગણી શકાય નહીં.
3. વૈશ્વિકીકરણ અને ઉદારીકરણના કારણે મીડિયાને સામાજિક મૂલ્યો બાજુ પર રાખીને ગમે તે પ્રકારની સામગ્રી પીરસવાની સંપૂર્ણ છૂટ મળે છે.
4. અખબારોમાં વાચકોના અંગત પ્રશ્નોના જવાબ આપતી કોલમ (Columns) એવી રીતે ન લખાવી જોઈએ જે જાહેર નૈતિકતાનું અપમાન કરે અથવા સમાજ પર ખરાબ અસર પાડે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

170. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સમાચાર સામગ્રી ધરાવતા મુદ્રિત પ્રકાશનોની નોંધણી પ્રેસ રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવે છે. તે વાર્ષિક ધોરણે તેમના circulationની પણ દેખરેખ રાખે છે.

2. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને સમાચાર સામગ્રી ધરાવતા અખબારો અને સામયિકોની નોંધણી કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

171. કોમી રમખાણો અથવા સામાજિક વિવાદોના કવરેજ દરમિયાન અખબારો અને પત્રકારોએ પાળવાની સાવચેતીઓ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. ઘટનાનું રિપોર્ટિંગ એવી રીતે કરવું જોઈએ કે જેથી કાયદો અને વ્યવસ્થા જાળવતી સરકારી મશીનરીમાં લોકોનો વિશ્વાસ ઓછો ન થાય.

2. ભડકાવનારા હેડલાઇન્સ (Provocative headlines) ટાળવા જોઈએ અને સમાચાર ફક્ત સાબિત થયેલા તથ્યોના આધારે જ આપવા જોઈએ.

3. પત્રકારોનું લખાણ ફક્ત તેમની અંગત લાગણીઓનું પ્રતિબિંબ નથી, પરંતુ તે સમાજની લાગણીઓને ઘડવાનું કામ કરે છે, તેથી તેમણે સંયમ જાળવવો અનિવાર્ય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

172. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. માહિતી અને પ્રસારણ મંત્રાલય વિવિધ કાયદાકીય અને કાનૂની જોગવાઈઓ દ્વારા ન્યૂઝ ચેનલો, OTT અને ડિજિટલ મીડિયાનું નિરીક્ષણ અને નિયમન કરે છે.
2. કેન્દ્ર સરકારનો કર્મચારી અને તાલીમ વિભાગ સોશિયલ મીડિયા પર કેન્દ્ર સરકારના કર્મચારીઓની પ્રવૃત્તિ સંબંધે નીતિઓ બનાવે છે. તે સેવા નિયમોના પાલન, ગુપ્તતા અને સરકારની પ્રતિષ્ઠાના રક્ષણ સાથે સંબંધિત છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

173. કટોકટી કે કોમી સંઘર્ષના સમયે પત્રકારત્વમાં 'તથ્યો' (Facts) અને 'અભિપ્રાય' (Opinion) વચ્ચેના તફાવત અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઘટનાના તથ્યોને કોઈપણ પ્રકારના ફેરફાર વગર સરળ અને સચોટ રીતે રજૂ કરવા એ પત્રકારની ભવિષ્યના ઇતિહાસ પ્રત્યેની ફરજ છે.
2. અભિપ્રાય આપતા લેખો (Opinion articles) લખતી વખતે લેખકે પોતાના અંગત પૂર્વગ્રહો અથવા પસંદગીઓને આધારે વિશ્લેષણ કરવાની છૂટ છે.
3. લોકશાહીમાં નાગરિકોની વાણી સ્વાતંત્ર્ય અને મીડિયાની સામાજિક જવાબદારી વચ્ચે સંતુલન જાળવવું એ ભારતીય પ્રેસની ફરજ છે.
4. કોમી રમખાણો જેવી સ્થિતિમાં મીડિયા દ્વારા શાંતિને નુકસાન પહોંચાડવાનું કાર્ય પરોક્ષ રીતે 'રાષ્ટ્રવિરોધી' (Anti-national) કૃત્ય ગણાઈ શકે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 3 અને 4

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

174. કોમ્યુનિટી રેડિયો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વ્યાપારી દૃષ્ટિએ કોમ્યુનિટી રેડિયો સેવા એફએમ રેડિયોથી વિપરીત છે. જાહેરાત દ્વારા થતી મર્યાદિત આવકનો ઉપયોગ ફક્ત સંચાલન ખર્ચ માટે જ થઈ શકે છે.

2. કોઈપણ કોમ્યુનિટી રેડિયો સેવાનો વિસ્તાર મર્યાદિત હોય છે અને તે ચોક્કસ પ્રસારણ ક્ષેત્રમાં રહેતા લક્ષિત શ્રોતાઓ પૂરતો હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

175. 'પેક ઓર હર્ડ'(Pack or Herd) પત્રકારત્વ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પત્રકારો એક જ વાર્તાને સમાન અભિગમથી, સમાન દૃષ્ટિકોણથી અને સર્વસંમતિથી સામાન્ય ભાષાનો ઉપયોગ કરીને આવરી લે તેને 'પેક ઓર હર્ડ' (Pack or Herd) પત્રકારત્વ કહેવામાં આવે છે.

2. પત્રકારો એક જ વાર્તાને એકસાથે પરંતુ વિવિધ દૃષ્ટિકોણથી આવરી લે તેને 'પેક ઓર હર્ડ' પત્રકારત્વ કહેવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

176. કોમ્યુનિટી રેડિયો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 1947માં લેટિન અમેરિકામાં વૈશ્વિક સ્તરે કોમ્યુનિટી રેડિયો સેવાઓ શરૂ થઈ હતી. આ સેવાઓ ટ્રેડ યુનિયનો દ્વારા શરૂ કરવામાં આવી હતી.
2. પ્રથમ કોમ્યુનિટી રેડિયો સેવા 1950માં પેસિફિકા ફાઉન્ડેશન દ્વારા યુએસએમાં શરૂ કરવામાં આવી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

177. જનસંપર્ક અભિયાન (PR Campaign) ના ઉદ્દેશ્યો અને કર્મચારીઓની ભૂમિકા વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. જનસંપર્ક અભિયાનનો મુખ્ય ધ્યેય સંસ્થાની સેવાઓ વિશે જાગૃતિ વધારવી, દાન મેળવવું અને જાહેર જનતામાં સંસ્થાની હકારાત્મક છબી ઊભી કરવાનો છે.
2. સ્ટાફ અને સ્વયંસેવકોની સફળતાની ગાથાઓ (Success Stories) ને મીડિયા અને ઈમેલ દ્વારા જાહેર કરવાથી સંસ્થાની પ્રતિષ્ઠા વધે છે.
3. જનસંપર્ક પ્રવૃત્તિઓમાં કર્મચારીઓની સહભાગીતા ઘટાડવી જોઈએ જેથી સંસ્થાના ગુપ્ત નિર્ણયો જળવાઈ રહે.
4. કર્મચારીઓને રેડિયો, ટેલિવિઝન કે મેળા (Expos) માં રજૂઆત કરવા માટે તૈયાર કરવા એ PR વ્યૂહરચનાનો એક મહત્વનો ભાગ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

178. ભારતમાં કોમ્યુનિટી રેડિયો સેવા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતમાં સૌપ્રથમ કોમ્યુનિટી રેડિયો સેવા 2005માં આંધ્રપ્રદેશના પાસ્તાપુર ગામમાં એક એનજીઓ દ્વારા શરૂ કરવામાં આવી હતી.
2. ભારતમાં સૌપ્રથમ કોમ્યુનિટી રેડિયો સેવા 2004માં ચેન્નાઈની અન્ના યુનિવર્સિટીમાં શરૂ થઈ હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

179. પબ્લિસિટી (પ્રચાર) ના વિવિધ માધ્યમો અને તેમની લાક્ષણિકતાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પોસ્ટર્સ (Posters) નો મુખ્ય હેતુ ખૂબ જ મર્યાદિત તત્વોનો ઉપયોગ કરીને એક જ સાદો સંદેશ ઝડપથી પહોંચાડવાનો હોય છે.
2. રેડિયો અને ટેલિવિઝન એ પત્રિકાઓ (Invitations) કરતા ઓછા અસરકારક માધ્યમો છે કારણ કે તેમાં વ્યક્તિગત સ્પર્શનો અભાવ હોય છે.
3. 'હ્યુમન બિલબોર્ડ' (Human Billboard) એ જાહેરાતની એક અસામાન્ય પદ્ધતિ છે જેમાં કોઈ વ્યક્તિના શરીર પર આગળ-પાછળ પોસ્ટર લગાવીને પ્રચાર કરવામાં આવે છે.
4. કેલેન્ડર અને ટિકિટો/કૂપનનો ઉપયોગ પબ્લિસિટી માટે એવી રીતે કરવામાં આવે છે કે જેથી ગ્રાહક પાસે માહિતીનો સતત સ્રોત રહે અથવા તેમને ઇનામની લાલચ મળે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 3 અને 4

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

180. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના વર્તમાન અધ્યક્ષ જસ્ટિસ રંજના પ્રસાદ છે, જે સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ છે.
2. સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ મદન લોકુર પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

181. લોકશાહી સમાજમાં જનસંપર્ક (PR) ના બદલાતા સ્વરૂપ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. આજના સમયમાં રાજા કે ઉદ્યોગપતિનો આદેશ આપોઆપ કાયદો બની જતો નથી, પરંતુ કોઈ પણ નિર્ણય માટે લોકોની સ્વીકૃતિ મેળવવી અનિવાર્ય છે.
2. આઈવી લી (Ivy Lee)ના મતે, આધુનિક યુગમાં રાજાઓના દૈવી અધિકારને બદલે 'જનસમૂહના દૈવી અધિકાર' (Divine right of the multitude) એ સ્થાન લીધું છે.
3. કોઈપણ સંસ્થા પાસે જનસંપર્ક હોવો કે ન હોવો એ તેની પોતાની મરજી પર નિર્ભર છે; સંસ્થા ધારે તો જનસંપર્ક વગર પણ કાર્ય કરી શકે છે.
4. સંસ્થાના નિર્ણયો હવે ફક્ત આર્થિક નફા પર નહીં, પરંતુ જનમત (Public Opinion) માં આવતા ફેરફારોના પ્રતિસાદ પર આધારિત હોવા જોઈએ.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

182. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'ધ બોયઝ ઓન ધ બસ' નામનું પુસ્તક એક બિન-કાલ્પનિક વૃતાંત, અમેરિકન પત્રકાર તિમોથી ક્રોસ દ્વારા લખવામાં આવ્યું હતું.

2. 'ધ બોયઝ ઓન ધ બસ' પુસ્તક પ્રખ્યાત સંપાદક એસ નિહાલ સિંહ દ્વારા લખવામાં આવ્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

183. કોર્પોરેટ જવાબદારી અને સામાજિક અપેક્ષાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. લોકો હવે ફક્ત પ્રોડક્ટ કેટલી ઝડપથી કામ કરે છે તેમાં જ રસ ધરાવતા નથી, પરંતુ તે કેવી રીતે બની છે અને તેની સામાજિક અસર શું છે તે પણ જાણવા માંગે છે.

2. ઉદ્યોગોએ જનસંપર્કની શરૂઆત સમાજ કલ્યાણના ઉમદા હેતુથી કરી હતી, નહીં કે પોતાની અસ્તિત્વ ટકાવી રાખવાની વૃત્તિથી.

3. 'કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી' હેઠળ કંપનીઓએ કાયદાકીય અમલવારી પહેલાં જ પોતે ઉચ્ચ ધોરણો જાળવવાની અપેક્ષા રાખવામાં આવે છે.

4. જો કોઈ સંસ્થા સમાજની બધી અપેક્ષાઓ પૂરી ન કરી શકે, તો તેણે ઓછામાં ઓછું તેનું કારણ (Explain why) આપવું જોઈએ.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 3 અને 4

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

184. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 'બિયોન્ડ ધ લાઇન્સ':એક આત્મકથા' પુસ્તક ભૂતપૂર્વ સંપાદક કુલદીપ નાયર દ્વારા લખવામાં આવ્યું હતું.

2. 'હાઉ પ્રાઇમ મિનિસ્ટર્સ ડિસાઇડ' પુસ્તક પત્રકાર કુમી કપૂર દ્વારા લખાયું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

185. પત્રકારત્વ અને વ્યવસાયમાં 'પ્રતિષ્ઠા' (Reputation) અને જનસંપર્કના કાર્યો વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. જનસંપર્ક એ તમારી પ્રતિષ્ઠા વિશે છે—તમે જે કરો છો, તમે જે કહો છો અને બીજા તમારા વિશે શું કહે છે તેનું પરિણામ છે.

2. આજના સ્પર્ધાત્મક યુગમાં જ્યારે પ્રોડક્ટ્સમાં બહુ તફાવત નથી હોતો, ત્યારે લોકોનો દૃષ્ટિકોણ અને વલણ જ કંપનીને સ્પર્ધામાં આગળ રાખે છે.

3. જનસંપર્કનું કાર્ય ફક્ત સંસ્થાની વાર્તા કહેવાનું છે, તે સંસ્થાના આંતરિક કાર્યને સુધારવામાં કોઈ મદદ કરતું નથી.

4. આઝાદી પછીના ભારતમાં સામાન્ય માણસને મળેલી સત્તા અને સ્થાનને કારણે જનસંપર્કનો વિકાસ ઝડપથી થયો છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

186. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતના એક અગ્રણી અંગ્રેજી અખબાર 'હિન્દુસ્તાન ટાઈમ્સ'ને સૌથી જૂનું અખબાર હોવાથી તિરસ્કારપૂર્વક 'ઓલ્ડ લેડી ઓફ બોરીબંદર' કહેવામાં આવતું હતું.
2. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ને સૌથી જૂનું અખબાર હોવાને કારણે 'ઓલ્ડ લેડી ઓફ બોરીબંદર' કહેવામાં આવતું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

187. ન્યૂઝ કોન્ફરન્સ (પ્રેસ કોન્ફરન્સ) ના આયોજન અને તેની લાક્ષણિકતાઓ વિશે નીચેનાં વિધાનો તપાસો:

1. પ્રેસ કોન્ફરન્સ એ સંસ્થાને ટેકનિકલ અથવા વિવાદાસ્પદ માહિતી રૂબરૂમાં સમજાવવાની તક આપે છે, જે ફક્ત પ્રેસ રિલીઝ દ્વારા શક્ય ન પણ હોય.
2. પ્રેસ કોન્ફરન્સનો એક ફાયદો એ છે કે વક્તા (Speaker) પોતાની મરજી મુજબના પત્રકારોને જ આમંત્રિત કરીને માહિતીના પ્રસાર પર નિયંત્રણ રાખી શકે છે.
3. પત્રકારોના અણગમતા કે ઉશ્કેરણીજનક પ્રશ્નોના જવાબમાં જો મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) ગુસ્સે થઈ જાય, તો તેનાથી સંસ્થાની છબી વધુ સુધરે છે.
4. સફળ પ્રેસ કોન્ફરન્સ માટે સંભવિત પ્રશ્નોનું અગાઉથી અનુમાન લગાવીને તેની તૈયારી (Rehearsal) કરવી અનિવાર્ય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

188. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 1975ની આંતરિક કટોકટી દરમિયાન ભારતમાં બીબીસીના વડા માર્ક ટુલીને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

2. ભારત સરકાર દ્વારા માર્ક ટુલીને પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

189. 'માધ્યમ (Medium) એ સંદેશ છે. આપણે ભવિષ્યને રીઅર-વ્યુ મિરર દ્વારા જોઈએ છીએ.' નીચેનામાંથી કોણે આ અવલોકન કર્યું?

(A) મીડિયા થિયરિસ્ટ માર્શલ મેકલુહાન

(B) સમાજશાસ્ત્રી મેક્સ વેબર

(C) રાજકીય મનોવિજ્ઞાની આશિષ નંદી

(D) ઉપર પૈકી કોઈ નહીં

190. નીચેનામાંથી કોના સ્થાપના દિવસ 16નવેમ્બરને રાષ્ટ્રીય પ્રેસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે?

(A) એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા

(B) પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા

(C) પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો

(D) પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા

191. જૂથ પ્રત્યાયન (Group Communication) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જૂથ પ્રત્યાયન એ સામાન્ય રીતે 3થી 20 વ્યક્તિઓના જૂથ વચ્ચે વિનિમયની ગતિશીલ પ્રક્રિયા છે. તે મૌખિક અને બિનમૌખિક ક્રિયા-પ્રતિક્રિયાઓ દ્વારા એક સામાન્ય ધ્યેય પ્રાપ્ત કરે છે.

2. જૂથ પ્રત્યાયન એ ક્રિયા-પ્રતિક્રિયાનો એક પ્રકાર છે, જ્યાં મૌખિક પ્રત્યાયન (Verbal Communication) પર વધુ પડતો આધાર રાખવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

192. નીચેનામાંથી કયો નિબંધસંગ્રહ દર્શાવે છે કે પ્રત્યાયન તકનીકો તટસ્થ નથી, પરંતુ અવકાશ અથવા સમયને નિયંત્રિત કરવા તરફ ઝુકાવ ધરાવે છે?

1. The Bias of Communication

2. The Fur Trade In Canada

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

193. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતનું સૌપ્રથમ આધુનિક જાહેર પુસ્તકાલય કોલકાતા પબ્લિક લાઈબ્રેરી હતું, જેની સ્થાપના 1836માં થઈ હતી.

2. ભારતનું સૌપ્રથમ આધુનિક જાહેર પુસ્તકાલય ત્રિવેન્દ્રમ પબ્લિક લાઈબ્રેરી હતું, જેની સ્થાપના 1829માં થઈ હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

194. 7Cs વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પ્રત્યાયનને વધુ અસરકારક બનાવવા માટે 7Cs ની વિભાવના જન સંપર્કના નિષ્ણાતો સ્કોટ એમ. કુલિપ અને એલન એચ. દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી હતી.

2. 7Cs; -Clarity, Conciseness, Correctness, Completeness, Courtesy, Concreteness and Consideration- તેઓ જન સંપર્કનો સંપૂર્ણ ઉકેલ પ્રદાન કરતા નથી કારણ કે તેઓ ભાવનાત્મક અને અત્યંત સર્જનાત્મક પરિસ્થિતિઓમાં અસરકારક નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

195. દૃશ્ય-શ્રાવ્ય (Audio-Visual) પ્રોજેક્ટ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કોઈપણ દૃશ્ય-શ્રાવ્ય પ્રોજેક્ટમાં પ્રી-પ્રોડક્શનમાં સ્ક્રિપ્ટ ડેવલપમેન્ટ, બજેટ પ્લાનિંગ, કાસ્ટિંગ અને લોકેશન સ્કાઉટિંગનો સમાવેશ થાય છે, જેથી પ્રોજેક્ટ સરળતાથી પૂર્ણ થાય.

2. એક દૃશ્ય-શ્રાવ્ય પ્રોજેક્ટમાં કલાકારો અને મોડેલો ઉપરાંત ઘણા વ્યાવસાયિક દિગ્દર્શકો, સહાયક દિગ્દર્શકો, મુખ્ય સહાયકો, ટેકનિશિયન, કોસ્ચ્યુમ ડિઝાઇનર્સનો સમાવેશ થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

196. દૃશ્ય-શ્રાવ્ય (Audio-Visual) મીડિયામાં શોટ ડિવિઝન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. દૃશ્ય-શ્રાવ્ય મીડિયામાં શોટ ડિવિઝન એ પટકથા અથવા સ્ક્રિપ્ટને વ્યક્તિગત, ચોક્કસ કેમેરા શોટ, ખૂણા અને ગતિવિધિઓમાં વિભાજીત કરવાની પ્રક્રિયા સાથે સંબંધિત છે, જ્યાં દિગ્દર્શક અને સિનેમેટોગ્રાફર લેખિત દૃશ્યોને દૃશ્યમાં રૂપાંતર કરે છે.

2. પાંચ મૂળભૂત કેમેરા શોટ, મીડિયમ શોટ, વાઇડ શોટ, ક્લોઝ-અપ, ફુલ શોટ અને એક્સ્ટ્રીમ ક્લોઝ-અપ, શોટ ડિવિઝનના સમગ્ર ક્ષેત્રનો સારાંશ આપે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

197. ન્યૂઝ કેપ્સ્યુલ (News capsule) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ન્યૂઝ કેપ્સ્યુલ એ દિવસની મુખ્ય હેડલાઇન્સનો સંક્ષિપ્ત સારાંશ છે, જે સંક્ષિપ્ત સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. તે વાચક/દર્શકને ઝડપી મોડમાં અપડેટ કરવામાં મદદ કરે છે.

2. ન્યૂઝ કેપ્સ્યુલનો હેતુ પ્રિન્ટ મીડિયામાં પ્રકાશક અથવા વિઝ્યુઅલ મીડિયામાં પ્રસ્તુતકર્તા દ્વારા જગ્યા બચાવવાનો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

198. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ડેટા આર્કાઇવિંગમાં એવા ડેટાનો સંગ્રહ કરવાનો સમાવેશ થાય છે, જેનો કોઈ ઉપયોગ થતો નથી પરંતુ તેનું કાનૂની, સંદર્ભ અને ઐતિહાસિક મૂલ્ય પછીની તારીખે ઉપયોગ માટે હોય છે.

2. જે વ્યવસાયો અને સંસ્થાઓ કે જેઓ નવી માહિતી મેળવતા રહે છે, છતાં પણ જૂની માહિતી જાળવી રાખે છે અને જ્યારે જરૂર પડે ત્યારે બંનેનો ઉપયોગ કરતા હોય તેવી વ્યવસાયો અને સંસ્થાઓ માટે ડેટા રીટ્રાઈવિંગ ખૂબ જ મહત્વનું છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

199. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પત્રકારો માટેની આચારસંહિતા સંપાદકોને ઉચ્ચ ધોરણો અને સારી અભિરુચિ (taste) ને પ્રોત્સાહન આપવા, ચોકસાઈ સુનિશ્ચિત કરવા અને બંધારણીય મૂલ્યોનું પાલન કરવા પર ભાર મૂકે છે.
2. તેમાં જોગવાઈ છે કે મીડિયા હાઉસ અને પ્રકાશકોએ માહિતી અને પ્રસારણ મંત્રાલય પાસેથી સામગ્રીની મંજૂરી મેળવવી આવશ્યક છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

200. પ્રસાર ભારતી (ભારતીય પ્રસારણ નિગમ) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પ્રસાર ભારતીની સ્થાપના આકાશવાણી અને દૂરદર્શન માટે સ્વાયત્ત સ્થાપન સૂચવવા માટે 1977માં રચાયેલી બી.જી. વર્ગીસ સમિતિમાં થઈ હતી.
2. જો વર્ગીસ સમિતિના સૂચનનો સ્વીકાર થયો હોત તો પ્રસાર ભારતી 'ભારત તરંગ' તરીકે ઓળખાયું હોત.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ